જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૨૨-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

શર્મનાક..!?,પુલવામા હુમલા અંગે રાજનીતિ શરુ,ભાજપ-કોંગ્રેસ આમને-સામને

પુલવામા હુમલા બાદ પણ પીએમ મોદી ફિલ્મ શૂટિંગમાં વ્યસ્ત હતા: કોંગ્રેસ

મોદી રાજધર્મ ચુક્યા,વડાપ્રધાને રાષ્ટ્રીય શોકની જાહેરાત પણ ન કરી,મોદી માટે સત્તાની લાલચ શાહદતથી મોટી,વડાપ્રધઆન દેશના સ્વાભિમાનની ચિંતા નથી કરતા,સત્તાની ભૂખે મોદીજીને માણસાઈ ભુલાવી દીધી છે



ન્યુ દિલ્હી

પુલવામાના આતંકવાદી હુમલાના એક સમાહ બાદ કોંગ્રેસે મૌન તોડીને પીએમ નરેન્દ્ર મોદી પર હુમલો કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યુ હતુ કે જ્યારે ૧૪ ફેબ્રુઆરીએ બપોરે પુલવામા હુમલામાં ૪૦ જવાનોની શહીદીના કારણે દેશ શોકમાં ગરકાવ હતો ત્યારે પીએમ મોદી સાંજ સુધી કોર્બેટ પાર્કમાં એક ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હતા.શું દુનિયામાં આવા વડાપ્રધાન છે?

સૂરજેવાલાએ કહ્યુ હતુ કે પુલવામામાં ૩ વાગ્યે અને ૧૦ મિનિટે જવાનો પર હુમલો થયો હતો અને બીજા ત્રણ કલાક સુધી પીએમ મોદી શૂટિંગ કરતા રહ્યા હતા.દેશ જ્યારે હુમલામાં શહીદોના શરીરના ટુકડા ભેગા કરી રહ્યો હતો ત્યારે પીએમ મોદી પોતાના નામના નારા લગાવી રહ્યા હતા.હુમલા બાદ દેશભરમાં ચૂલા પર રસોઈ નહોતી થઈ રહી ત્યારે પીએમ ઉત્તરાખંડના રામનગર ગેસ્ટ હાઉસમાં ચા નાસ્તાની મજા લઈ રહ્યા હતા.

કોંગ્રેસે કહ્યુ હતુ કે દુનિયામાં કોઈ પીએમે આવુ નહી કર્યુ હતુ.હુમલાના ચાર કલાક બાદ તેઓ જંગલમાં ફરી રહ્યા હતા.હુમલા પછીના ત્રણ કલાક સુધી શૂટિંગ કરી રહ્યા હતા.આવા વડાપ્રધાનને શું કહેવુ?અમારી પાસે શબ્દો નથી. સૂરજેવાલાએ સ્ફોટક આક્ષેપો કરતા કહ્યુ હતુ કે હુમલા પછી પણ વડાપ્રધાન બોટિગં કરતા રહ્યા હતા.તેમની સભાઓ રોકાઈ નહોતી.મંત્રિઓએ શહીદોના કોફિન સાથે સેલ્ફીઓ લીધી હતી.દેશ હજી શોકમાં છે અને પીએમ મોદી સેર સપાટા માટે વિદેશ જતા રહ્યા છે.પાલમ એરપોર્ટ પર પણ શહીદોના કોફિન પીએમ મોદીની રાહ જોતા રહ્યા હતા.વડાપ્રધાન અહીંયા પણ મોડા પહોંચ્યા હતા. પુલવામા હુમલા પછી વડાપ્રધાને રાષ્ટ્રીય શોકની જાહેરાત પણ નથી કરી. કોંગ્રેસ પ્રવક્તાએ કહ્યુ હતુ કે પુલવામા હુમલામાં સરકાર નિર્ણાયક કાર્યવાહી કરે તેવી અમારી માંગ છે.ઈંદિરા ગાંધીએ બાંગ્લાદેશને આઝાદી અપાવી હતી અને પાકને શરણાગતિ સ્વીકારવા મજબૂર કર્યુ હતુ.કોંગ્રેસે આતંકી હુમલાનો જવાબ આપવા માટે સરકારને સમર્થન આપ્યુ છે પણ મોદીજી રાજધર્મ ભૂલીને પોતાનુ રાજ બચાવવામાં પડી ગયા છે.

ગુપ્તચર એજન્સીએ આતંકીઓનો સંદેશ કર્યો ડિકોડ

જૈશ પુલવામા કરતાં પણ મોટા હુમલાની તૈયારીમાં હોવાનો ધડાકો!

ન્યુ દિલ્હી

પુલવામા હુમલા બાદ વધુ એક આતંકી હુમલાનું અલર્ટ સામે આવ્યું છે. સુત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ ચૌકીબલ અને તંગધારમાં હુમલાનું અલર્ટ છે. આગામી બે દિવસમાં ઈદ્ધ હુમલાનું અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઈદ્ધ દ્વારા આત્મઘાતી હુમલો થઈ શકે છે એવું સુત્રો દ્વારા પ્રાપ્ત થયુ છે.

પુલવામાની જેમ આત્મઘાતી હુમલો કરવાની ફિરાકમાં આતંકીઓ હોવાનું બહાર આવ્યું છે. સુત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, લીલા રંગની સ્કોર્પિયો કારથી હુમલો કરવામાં આવી શકે છે. મહત્વની વાત એ છે કે, આતંકીઓએ સોશિયલ મીડિયા પર એક સંદેશ મોકલ્યો હતો અને આપણી ગુપ્તચર એજન્સીઓએ આ સંદેશને ડિકોડ કર્યો છે.

એવું પણ સામે આવ્યું છે કે ૫૦૦ કિલો વિસ્ફોટકોનો આ હુમલામાં ઉપયોગ થઈ શકે છે. જૈશ એ મહમ્મદે કહ્યું છે કે, પહેલા ૨૦૦ કિલોના રકમડાનો ઉપયોગ કર્યો. ત્યારે ફરી એક વાર આતંકી હુમલાની દહેશતના પગલે ગુપ્તચર એજન્સીઓએ રિપોર્ટ આપતા સુરક્ષાબળના જવાનો પણ અલર્ટ બન્યા છે. આ હુમલા માટે લીલા કલરની સ્કોર્પિયો ગાડીને તૈયાર કરવામાં આવી છે.

આમ પુલવામા આત્મઘાતી હુમલા બાદ આતંકવાદી સંગઠન જૈશ-એ-મહમ્મદ ઘાટીમાં એક મોટો ફિદાયીન હુમલા કરવાની યોજના બનાવી રહ્યું છે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

શું આપ બેરોજગાર છો ?

શું આપ નોકરી બદલવા માગો છો ?

શું આપના લગ્ન બાકી છે ?

તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું

ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ

માત્ર રૂપિયા ૫૫૦/-

www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.

જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.

7575006847

બાંગ્લાદેશની રાજધાની ઢાકાની ફેક્ટરીમાં આગ: ૭૦ લોકો જીવતા ભડથું

ઢાકા

બાંગ્લાદેશની રાજધાની ઢાકાના ચોક બજાર સ્થિત એક ઈમારતમાં સિલિન્ડર ફાટવાથી લાગેલી ભીષણ આગના કારણે ૭૦ લોકોનાં મોત થયાં છે. અત્યાર સુધીમાં ૪૦થી વધુ મૃતદેહો મળી આવ્યા છે. ફાયરબ્રિગેડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃત્યાંક હજુ વધી શકે છે. ઢાકાનો ચોક બજાર વિસ્તાર ખૂબ સાંકડો અને ગીચ છે. ત્યાંની એક કેમિકલ ફેક્ટરીમાં બુધવારે મોડી રાતે આગ લાગી હતી. આ આગ જોતજોતામાં આસપાસની પાંચ ઈમારતોમાં ફેલાઈ ગઈ હતી. દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા ઘણી મોટી છે.



હાલ તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

ચોક બજારની જે ઈમારતમાં આગ લાગી છે તેની આસપાસ રહેણાક વિસ્તારો, દુકાનો અને રેસ્ટોરાં આવેલાં છે. ફાયરબ્રિગેડ વિભાગના ડાયરેક્ટર અલી અહમદ ખાને જણાવ્યું કે, અત્યાર સુધીમાં ફાયરબ્રિગેડના કર્મચારીઓએ ૪૦થી વધુ મૃતદેહો બહાર કાઢ્યા છે અને હજુ મૃત્યુનો આંકડો વધી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈમારતના કેટલાક ફ્લોરનો ઉપયોગ કેમિકલ ફેક્ટરી અને ગોદામ તરીકે કરવામાં આવતો હતો. અલી અહમદે કહ્યું હતું કે, કેમિકલ ફેક્ટરીમાં સિલિન્ડર બ્લાસ્ટ થવાથી આગ ફાટી નીકળી હતી. સ્થાનિક સમય અનુસાર, રાતે લગભગ ૧૧ વાગ્યે આગ લાગી હતી અને થોડા સમયમાં જ આગ આસપાસની પાંચ બિલ્ડિંગમાં પ્રસરી ગઈ હતી. હજુ સુધી આગ પર કાબૂ મેળવી શકાયો નથી. ગોદામમાં રાખવામાં આવેલા કેમિકલનાં કન્ટેનર સુધી આગ પહોંચી જતાં ભીષણ બની હતી. આ ઈમારતમાં કેટલાક લોકોનાં ઘર પણ આવેલાં છે. મોડી રાતે આગ લાગી હોવાથી મોટાભાગના લોકોના મોત ગૂંગળાઈ જવાથી થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ફાયરબ્રિગેડે હાલ સ્થાનિક લોકો અને પોલીસની મદદથી ફસાયેલા લોકોને સલામત રીતે બહાર કાઢવાનું અભિયાન શરૂ કર્યું છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App

7575006848 Time 10 am

7575006850 to 5 pm

MARKET 4U™

આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી

સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી

ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)

ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.

ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, ભિખારી જેવું જીવન પ્રવાહને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટકાવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શનથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ ઘટાડો લાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના થશે.આ ઉપરાંત અન્યોને જોડી મોટા ઇન્સેન્ટીવ આકર્ષક રકમો મેળવી શકો છો. જેની વિગતવાર માહિતી ચાર્ટમાં જુઓ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (સોટો જોડવી રૂપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (સોટો જોડવી રૂપાવી)
આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

બોટાદ જીલ્લાનાં રાણપુર, બરવાળા, પાળીયાદ, ગઢડા,ઢસા અને બોટાદ શહેરમાં પોલીસ દ્વારા સઘન વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ



૩૨૩ વાહનો ચેક કરી ૯૮ વાહનોમાં સ્થળ ઉપર બ્લેક ફિલ્મો દુર કરી ૯૭૦૦/- દંડ વસુલ કર્યો

બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા ની સુચનાથી વિભાગીય પોલીસ અધિકારી ઝેડ.આર.દેસાઈ ના માર્ગદર્શન હેઠળ પુલવામાં થયેલ આતંકવાદી હુમલાના અનુસંધાને બોટાદ જીલ્લામાં કોઈ અનીચ્છનીય બનાવ ન બનવા પામે તે હેતુથી સુરક્ષાના ભાગ રૂપે ગેરકાયદેસર હથિયારો તથા સ્ફોટક પદાર્થ તથા નશીલા પદાર્થોની હેરફેર ન થાય તે માટે વાહન ચેકીંગ ડ્રાઈવ તથા ગુજરાત પ્રોહીબીશન એક્ટની કડક અમલવારી માટે દારૂ પીને વાહન ચલાવનાર ઈસમો સામે કાર્યવાહી કરવા માટે બ્રેથ એનેલાઈઝર ડ્રાઈવનુ આયોજન કરવામાં આવેલ જેમાં બોટાદ ટાઉનમાં પ્રો.ના.પો.અધિ.સી.પી.મુંધવા તથા જીલ્લા ટ્રાફિક પો.સ.ઈ.જે.આર.રાણા, પો.સ.ઈ. એમ. જે. સાગઠીયા, પ્રો. પો.સ.ઈ. સી. એ. પરસાણીયા, જે.ડી.નીમાવત તથા બોટાદ પોલીસ સ્ટાફ દ્વારા બોટાદ ટાઉનમાં સઘન વાહન ચેકીંગ કરવામાં આવેલ જેમાં આશરે ૨૦૦ જેટલા વાહનો ચેક કરવામાં આવેલ જે પૈકી ૮૫ જેટલા વાહનોમાં સ્થળ ઉપર બ્લેક ફિલ્મો દુર કરવામાં આવેલ અને ૮૭૦૦/- રૂપિયાનો સ્થળ ઉપર દંડ કરવામાં આવેલ તેમજ આ ઉપરાંત બોટાદ જીલ્લાના અન્ય પોલીસ સ્ટેશનસ્ટેશનો જેમાં ગઢડા તથા ઢસા પો.સ્ટે. વિસ્તાર માં પો.ઈન્સ જે.એમ.સોલંકી એ તથા રાણપુર પો.સ્ટે. વિસ્તારમાં પો.સ.ઈ. એ.પી.સલૈયા એ તથા બરવાળા પો.સ્ટે. વિસ્તારમાં પો.સ.ઈ. આર.કે.પ્રજાપતી તથા પાળીયાદ પો.સ્ટે. વિસ્તારમાં પો.સ.ઈ.શ્રી એન.સી.સગર એ સઘન ચેકીંગ કરી કુલ ૧૨૩ વાહનો ચેક કરી ૧૩ વાહનોની કાળી ફિલ્મો દુર કરી ૧૦૦૦/-સ્થળદંડ વસુલ કરેલ તેમજ કુલ ૧૮૫ જેટલા ઈસમોનો સ્થળ ઉપર બ્રેથ એનેલાઈઝર ટેસ્ટ કરવામાં આવેલ હતો આમ બોટાદ જીલ્લામાં કુલ ૩૨૩ વાહનો ચેક કરવામાં આવેલ,જેમા કુલ ૯૮ જેટલા વાહનોમાં સ્થળ ઉપર બ્લેક ફિલ્મો દુર કરવામાં આવેલ અને કુલ ૯૭૦૦/- રૂપિયાનો દંડ તથા કુલ ૨૩૧ જેટલા ઈસમોનો સ્થળ ઉપર બ્રેથ એનેલાઈઝર ટેસ્ટ કરવામાં આવેલ હતો

આંતકવાદી હુમલા ને પગલે બોટાદ જીલ્લાના મંદીરોમાં બી.ડી.ડી.એસ.ટીમ તથા ક્યુ.આર.ટી. ટીમ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ



બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના મુજબ ક્યુ.આર.ટી. પો.સ.ઈ.એસ.બી.કારેટીયા તથા પો.સ.ઈ. ડી.એસ.મૈયડ તથા ક્યુ.આર.ટી. ની ટીમ તથા બી.ડી.ડી.એસ. ટીમ દ્વારા પુલવામાં થયેલ આતંકવાદી હુમલાના અનુસંધાને કોઈ આતંકવાદી હુમલો ન થાય તથા પ્રજાની સુરક્ષાને ધ્યાને લઈ બોટાદ જીલ્લામાં આવેલ મંદીરો માં સઘન ચેકીંગ કરવામાં આવેલ જેમાં ગઢડા જુનુ સ્વામીનારાયણ મંદીર, ગઢડા બી.એસ.પી.એસ મંદીર,રોહીશાળા ખોડીયાર મંદીર,સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદીર,બી.એ.પી.એસ. મંદીર ગઢડા,પાળીયાદ વિસામણબાપુ ની જગ્યા,કુંડળ સ્વામીનારાયણ મંદીર,ભીમનાથ મહાદેવ મંદીર જેવા પ્રખ્યાત મંદીરોમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ

રાણપુરના ઉમરાળા ગામની શાળા ને તમાકુ મુકત શાળા બને તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ



શાળા તમાકુ મુકત બને અને તમાકુના વ્યસનથી લોકજાગૃતિ આવે તે હેતુથી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.જે.ઓ.માઢક અને ઈ.એમ.ઓ.ડૉ. ચૌહાણના માર્ગદર્શનથી આજરોજ તા ૨૧/૨/૨૦૧૯ ના રોજ બોટાદ જીલ્લામાં ઉમરાળા બારભાયા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તમાકુ મુકત શાળા બને તેં માટેની પ્રવૃતિ કરવામાં આવી હતી જેમા બાળકો સાથે તમાકુ વિશેની સમધારા થી સ્વાસ્થ્ય અંતર્ગત ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધા અને સંગીત-ખુરશી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમા પ્રથમ,દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થિઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સંચાલક શ્રી પ્રવીણભાઈ ભરાડિયા,બાવળીયા મંગળભાઇ, આચાર્ય શ્રી તેમજ સમગ્ર શાળા સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી

કોયબા ગામે અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓના લાભાર્થે રવિવારે 'ભીમસંધ્યા' કાર્યક્રમ યોજાશે



એક શામ બાબાસાહેબ કે નામ

હળવદ: 'જય ભીમ' કેરિયર એકેડમી હળવદ અને અનુ.જાતિ કોયબા દ્વારા આયોજીત હળવદમાં ચાલતા અનુસૂચિત જાતિના વિધાર્થીઓ માટે નિ:શુલ્ક તાલીમ વર્ગના લાભાર્થે કોયબા ગામે આગામી તા.૨૪/૨/૨૦૧૯ને રવિવારના રોજ 'ભીમ સંધ્યા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમને સફળ બનાવવા અનુસૂચિતજાતિના યુવાનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

હળવદની સરા ચોકડી ખાતે ચાલી રહેલ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનો પરિક્ષાલક્ષી તાલીમ વર્ગ કલાસીસ વિનામૂલ્યે ચલાવવામાં આવી રહ્યા છે, ત્યારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના લાભાર્થે હળવદ જય ભીમ કેરિયર એકેડમી અને સમસ્ત અનુસૂચિતજાતિ કોયબા દ્વારા આયોજીત 'ભીમ સંધ્યા' એક શામ બાબા સાહેબ કે નામની ભજનની રમઝટ બોલાવશે. સોરઠના સાવજ અને બહુજન સાહિત્યકાર એવા વિશન કાથડ આગામી તારીખ ૨૪/૨/૨૦૧૯ અને રવિવારના રોજ રાત્રીના ૯ કલાકે હળવદ તાલુકાના કોયબા ગામે ભજનવાણી પીરશસે.જેમાં હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.આર. સોલંકી, પી.એસ.આઈ. પી.જી. પનારા, હળવદ મામલતદાર વી.કે. સોલંકી,યુવા ભીમ સેના રાષ્ટ્રીય અધ્યક્ષ ડી.ડી.સોલંકી સહીતના મહાનુભવો ઉપસ્થિત રહેશે અને કાર્યક્રમને સફળ બનાવવા જય ભીમ કેરીયર એકેડમીના કર્મશિલાઓ નરેન્દ્રભાઈ સોલંકી, મયુરભાઈ પરમાર, રાજેશભાઈ પરમાર, જશુભાઈ પરમાર, ઈશ્વરભાઈ પરમાર સહીતના અનુસૂચિતજાતિના યુવાઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

હવે બોર્ડની પરીક્ષામાં સીસીટીવી સાથે ઓડિયો રેકોર્ડિંગ પણ કરવામાં આવશે

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૯માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાઓ તા.૭મી માર્ચથી શરૂ થવાની છે, શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં સીસીટીવી સાથે ઓડિયો રેકોર્ડિંગ પણ કરવામાં આવશે. પરીક્ષાના ગણતરીના દિવસો પહેલા બોર્ડના આદેશથી શાળા સંચાલકો મૂંઝવણમાં મૂકાયા છે.

બોર્ડની પરીક્ષામાં દર વર્ષે સીસીટીવી કરવેજ થાય છે પરંતુ દર વર્ષે સીડી કરપ્ટ હોવાની તેમજ રેકોર્ડિંગ થતું ન હોવાની અનેક ફરીયાદો મળી હતી. જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા સીસીટીવી કવરેજ અસરકાર કેવી રીતે કરવું તે અંગે સૂચનાઓ આપી છે. શિક્ષણ બોર્ડે સ્કૂલ સંચાલકોને પરીક્ષામાં ઓડિયો રેકોર્ડિંગની સુવિધા હોય તેવી વ્યવસ્થા કરવા માટેની સૂચનાઓ પણ આપાઈ છે.

બોર્ડના ગાઈડલાઈનમાં જણાવ્યા મુજબ તમામ બ્લોકના સીસીટીવી કેમેરા ચાલુ હાલતમાં હોવા જોઈએ અને ફૂટેજ સ્પષ્ટ હોવું જરૂરી છે તેમજ સ્કૂલે એન્ટ્રી ગેટની અલગ ફાઈલ બનાવાની રહશે, બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ પ્રવેશ કરે અને વર્ગ ખંડમાં બેસે ત્યાં સુધીનું ઓડિયો રેકોર્ડિંગ કરવાનું રહેશે. તે પછી ૧૫ મિનિટ સુધી ઓડિયો રેકોર્ડિંગ કરવાનું રહેશે.

પીએમ મોદી પાકિસ્તાનને જડબાતોડ જવાબ નહીં આપે: હાર્દિક પટેલ

સુલ્તાનપુર

પાટીદાર અનામત આંદોલનથી નેતા બનેલા હાર્દિક પટેલ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી સભાઓ સંબોધી રહ્યાં છે. ઉત્તર પ્રદેશના સુલ્તાનપુરમાં એક રેલીમાં તેણે વડા પ્રધાન મોદી પર નિશાન તાક્યું હતું અને દાવો કર્યો હતો કે વડા પ્રધાન મોદી પાકિસ્તાનને જડબાતોડ જવાબ નગહીં આપી શકે.

હાર્દિકે કહ્યું, હું દાવા સાથે કહી શકું છું કે મોદીજી પાકિસ્તાનને જડબાતોડ જવાબ નહીં આપે, તેમના વિચારો, તેમની નીતિ, તેમની કથની અને કરનીમાં ફરક છે. પુલવામા હુમલા પર સવાલો ઊભા કરતા હાર્દિકે જણાવ્યું હતું કે સુરક્ષા એજન્સીઓએ વારંવાર ચેતવણી આપી હોવા છતાં જમ્મુ-કાશ્મીરમાં મોટી દુર્ઘટના થાય છે, તો સીઆરપીએફના જવાનોને સડક માર્ગે મોકલવાનું નાટક શા માટે કરવામાં આવ્યું હતું? સુરક્ષા પર સવાલો એટલા માટે ઉદ્ભવે છે કારણ કે યુદ્ધ વગર વારંવાર સૈનિકો શહીદ થાય છે. હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૪માં વાજપેયી સરકારે સીઆરપીએફના જવાનોને મળતુ પેન્શન બંધ કરી દીધું હતું. સીઆરપીએફ જવાનોને આજે પણ શહીદનો દરજ્જો અપાતો નથી. હાર્દિકે માંગ કરી હતી કે સીઆરપીએફના જવાનોને શહીદનો દરજ્જો આપી અને પૂર્ણ સૈનિક જાહેર કરવામાં આવે.

એસ.ટી. કર્મચારીઓ દ્વારા ગરબા લઈ બસ સ્ટેશન ઉપર અનોખો વિરોધ

સુરત ડેપોને એક દિવસમાં ૪૫ લાખનું નુકસાન : હજારો મુસાફરોને ભારે હાલાકી

સુરત

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલ નહીં આવતા હડતાળ પર ઊતરી ગયા છે. અને સુરત સેન્ટ્રલ ડેપો પર કર્મચારીઓ દ્વારા ગરબા લોલીપોપ દર્શાવી અને સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓની હડતાળના પગલે સુરત ડેપોની ૫૦૨ જેટલી બસોના પૈંડા થંભી ગયા છે. અને ડ્રાઈવર, કન્ડક્ટર, વહીવટી સ્ટાફ સહિત ૨૭૦૦ કર્મચારીઓ હડતાળમાં જોડાયો છે. જેને પગલે સુરત આવતા અને જતા મુસાફરોને અટવાઈ ગયા છે. અને એસટીની હડતાળના કારણે એક દિવસમાં સુરત ડેપોને ૪૫ લાખનું નુકસાન થવાનો અંદાજ છે. એસટી કમૃચારી યુનિયનના જનરલ સેક્રેટરી કૌશલ દેસાઈ જણાવે છે કે, કર્મચારીઓએ સોમવાર અને મંગળવાર એમ બે દિવસ પ્રતિક ધરણા પર બેઠા હતા. પણ કોઈ પણ નિકાલ આવ્યો નથી. જેથી કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. કર્મચારીની માંગ છે કે, તેમને સાતમુ પગાર પંચ અપાય, ફિક્સ પગારના કર્મીને સરકારી ધારા-ધોરણ મુજબ પગાર ચૂકવો, ડ્રાઈવર અને કંડક્ટરને વર્ગ-૩માં ગણો, પ્રિમિયમ સેવાના નામે ચાલતી બસ બંધ કરી ખોટ અટકાવાય, પીપીપી ધોરણે નિગમની જમીને ખાનગી માલિકોને વેચવાનું બંધ કરાય છે. કર્મીઓના હિત સાથે જોડાયેલા નીતિ નિયમમાં ફેફાર કરાય અને વર્ષ-૨૦૧૧થી આશ્રિતોને તાત્કાલિક નોકરી અપાય.



હું યુવાનોને અપીલ કરું છું કે કુંભ ના મેળામાં નહીં પણ ઈસરો અને કેમ્બ્રિજમાં જવાનું : જીજ્ઞેશ મેવાણી

ગાંધીનગર

ગૃહમાં થયેલી કાર્યવાહીને લઈને અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ ભાજપ પર આક્ષેપ કર્યા હતા તેણે કહ્યું હતું કે આપણા દેશના બંધારણ મુજબ ધર્મ અને રાજનીતિને જુદા રાખવાના બદલે મુખ્ય મંત્રી ગૃહ માં રામ મંદિર પ્રસ્તાવ મૂકી ધાર્મિક સ્ટેટ મેન્ટ આપ્યું હતું. બેરોજગારી મુદ્દે તેઓ ચૂપ રહ્યા હતા. એમ્પ્લોયમેન્ટ માં ૧૬ લાખ બેરોજગાર નોંધ્યા છે તેમની વાત પણ કરી નહીં.

હું યુવાનોને અપીલ કરું છું કે કુંભ ના મેળા માં નહીં પણ ઈસરો અને કેમ્બ્રિજમાં જવાનું છે. તો બીજી તરફ બનાસકાંઠા ના ૧૩ જિલ્લાઓને અછત ગ્રસ્ત જાહેર કર્યા. પીવાનું પાણી સિંચાઈનું પાણી અને ઘાસચારો આપ્યો નથી. મારા વિસ્તારમાં પણ અછત હોવા છતાં અને સરકારની જાવબદારી હોવા છતાં કઈ આપ્યું નથી.

વિસ્તરણ મુક્તેશ્વર ડેમોમાં પાણી લાવવાની વાત કરી હતી, પણ હજુ જનતા રાહ જોઈ રહી છે. મનરેગા યોજના હેઠળ રોજગારી માટે પણ જનતા રાહ જોઈને બેઠી છે. આ સાથે હાલમાં એસટી, શિક્ષકો અને યુવોના પ્રશ્નોનું નિરાકરણ લાવે તેવી અપીલ છે.

ઉત્તરપ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે સપા-બસપામાં સીટોની વહેંચણી

લખનૌ

આગામી ચૂંટણીમાં દિલ્હી સુધી પહોંચવા માટે અતિ મહત્વનું રાજય ગણાતા ઉત્તર પ્રદેશમાં સપા-બસપાએ સીટોની વહેંચણી કરી લીધી છે. ચૂંટણી રણનીતિ ઘડતા ગઠબંધનમાં સપાએ ૩૭ સીટો અને બસપાએ ૩૮ સીટો પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. ૩ સીટો RLDના ખાતામાં ગઇ છે. ચૌધરી અજીત સિંહની પાર્ટી RLD પશ્ચિમ ઉત્તર પ્રદેશની મથુરા, મુઝફ્ફરનગર અને બાગપત સીટો પર ચૂંટણી લડી શકે તેવી શક્યતાઓ છે.

એક દિવસ પહેલા જ બસપાના પ્રમુખ માયાવતીએ ગઠબંધન મામલે ભાજપા પર આકરા પ્રહારો કર્યા હતા. તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં ભાજપાના ગઠબંધનની જાહેરાત પછી માયાવતી ભાજપા પર કટાક્ષ કર્યો હતો કે, સપા-બસપાના ગઠબંધનથી ડરીને બીજેપી ગઠબંધન કરવા માટે વલખાં મારી રહી છે.

સમાજવાદી પાર્ટીની સીટોઃ-

લિસ્ટ પ્રમાણે પશ્ચિમ અવધસ બુંદેલખંડ અને પૂર્વાંચલમાં સપાને સીટો મળી છે. કૈરાના, મુરાદાબાદ, રામપુર, સંભલ, ગાજિયાબાદ, હાથરસ, ફિરોઝાબાદ, મૈનપુરી, એટા, બદાયુ, બરેલી, પીલિભીત, ખીરી, હરદોઈ, ઉન્નાવ, લખનઉ, ઈટાવા, કનૌજ, કાનપુર, ઝાંસી, બાંદા, કૌશામ્બી, ફુલપુર, અલ્હાબાદ, બારાબંકી, ફૈઝાબાદ, બહરાઇચ, ગોંડા, મહારાજગંજ, ગોરખપુર, કુશીનગર, આઝમગઢ, બલિયા, ચંદૌલી, વારાણસી, મિર્ઝાપુર અને રોબર્ટસગંજ સીટ પરથી સપા ચૂંટણી લડશે.

બહુજન સમાજ પાર્ટીની સીટોઃ-

સહારનપુર, બિજનૌર, નગીના, અમરોહા, મેરઠ, ગૌતમબુદ્ધનગર, બુલંદશહેર, અલીગઢ, આગરા, ફતેહપુર સિકરી, આંવલા, શાહજહાંપુર, ધૌરહરા, સીતાપુર, મિશ્રિખ મોહનલાલગંજ, સુલ્તાનપુર, પ્રતાપગઢ, ફર્રુખાબાદ, અકબરપુર, જાલૌન, હમીરપુર, ફતેહપુર, અમ્બેડકરનગર, કૈસરગંજ, શ્રાવસ્તી, ડુમરિયાગંજ, બસ્તી, સંતકબીરનગર, દેવરિયા, બાંસગાંવ, લાલગંજ, ઘોસી, સલેમપુર, જૌનપુર, મછલીશહર, ગાજીપુર, ભદોહી સીટ પર બસપા ચૂંટણી લડશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી સીબીટીની મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો

૬ કરોડ લોકો માટે ખુશખબર, PF વ્યાજ ૮.૫૫થી વધારી ૮.૬૫ ટકા કરાયું

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારે નોકરીયાત વર્ગને એક મોટી ભેટ આપી છે. સરકારે કર્મચારી ભવિષ્ય નિધી સંગઠન એટલે કે EPFOના પ્રોવિડન્ડ ફંડ (PF)ના વ્યાજદરોમાં વધારો કર્યો છે. નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે પ્રોવીડન્ડ ફંડના વ્યાજદર ૮.૬૫ ટકા કરવામાં આવ્યા છે. આ પહેલા ઈપીએફઓએ ૨૦૧૭-૧૮માં પીએફ પર ૮.૫૫ ટકા વ્યાજ આપ્યું હતુ. આ રીતે પીએફમાં ૦.૧૦ ટકાનો વધારો થયો છે. સામાન્ય ભાષામાં સમજીએ તો નોકરીયાત લોકોને પીએફ પર સરકાર હવે વધુ વ્યાજ આપશે જેનો ફાયદો ૬ કરોડ નોકરીયાતોને મળશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી સીબીટીની ગુરૂવારે મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બોડી પીએફ પરના વ્યાજ દરોની ભલામણ કરે છે. બોર્ડની મંજુરી બાદ હવે આ બાબતે નાણા મંત્રાલયની મંજુરીની જરૂર પડશે. શ્રમમંત્રી સંતોષ ગંગવારે કહ્યું કે ઈપીએફઓ અને કેન્દ્રીય બોર્ડ (સીબીટી)ના બધા સભ્યોએ એક બેઠકમાં આ નિર્ણય લીધો છે જેને હવે નાણા મંત્રાલયમાં મોકલવામાં આવશે. નાણા મંત્રાલયની મંજુરી મળ્યા બાદ વ્યાજને પીએફ ધારકોના ખાતામાં નાખી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઈપીએફઓએ ૨૦૧૭-૧૮માં તેમના ખાતાધારકોને પીએફ પર ૮.૫૫ ટકા વ્યાજ આપ્યું છે જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછું હતુ. જો ૨૦૧૬-૧૭ની વાત કરવામાં આવે તો પીએફ પર ૮.૬૫ ટકા વ્યાજદર હતો. એટલે કે એક વખત ફરી પીએફ પર એજ વ્યાજદર મળશે જે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં મળ્યું હતુ. તો ૨૦૧૫-૧૬માં ૮.૮ ટકા વ્યાજ મળ્યું હતુ. આ સિવાય ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં વ્યાજદર ૮.૭૫ ટકા હતુ. નોંધનીય છે કે ટુંક સમયમાં લોકસભા ચૂંટણી થવાની છે ત્યારે સરકાર દ્વારા નોકરીયાત અને ખેડૂતોને રાજી રાખવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે. ખેડૂતોને દરવર્ષે ૬૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે તો ૧૫ હજાર કરતાં ઓછું કમાતા મજૂરો માટે પેન્શન સ્કીમ લોન્ચ કરવામાં આવી છે.

ગુજરાતી ભાષા તેના મૂળ સ્વરૂપે કાયમ માટે જળવાઈ રહે એ જરૂરી છે

મા ના દૂધ અને માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર

મા નો કોઈ વિકલ્પ નથી, મા ના દૂધ નો કોઈ વિકલ્પ નથી એમ માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી. રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિશ્વ માતૃભાષા દિવસ પ્રસંગે સૌ ગુજરાતીઓને શુભકામનાઓ પાઠવતાં આમ કહ્યું હતું. વિધાનસભા ગૃહમાં આજના દિવસની કામગીરીના આરંભે જ એમણે કહ્યું હતું કે, અન્ય કોઈ પણ ભાષા શીખીએ પહેલાં માતૃભાષા તો શીખવી જ જોઈએ. ગુજરાત સરકારે ગત વર્ષે ખાસ બિલ પસાર કરીને પ્રાથમિક કક્ષાએ ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કર્યું છે.

વિવિધ સંસ્થાઓ અને સંગઠનો દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના કાર્યક્રમો થઈ રહ્યા છે એટલે જનજાગૃતિ પણ વધી રહી છે, એમ કહીને શ્રી ચુડાસમાએ વિધાનસભાના સભ્યો અને ગુજરાતી ભાઈ-બહેનોને શુભકામનાઓ પાઠવી હતી. કોંગ્રેસના સભ્ય પુંજાભાઈ વંશે પણ સૌને શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાતી ભાષા તેના મૂળ સ્વરૂપે કાયમ માટે જળવાઈ રહે એ જરૂરી છે. આપણે સહુ આ માટે સહિયારા પ્રયાસો કરીએ.

પુલવામા હુમલા મુદ્દે નફ્ફટ આતંકીનો ઑડિયો જાહેર

પુલવામા હુમલામાં મારો કોઈ હાથ નથી,હું આદિલને ઓળખતો પણ નથીઃ મસૂદ અઝહર

પુલવામા હુમલાથી ભારતના વડાપ્રધાનને લોકસભા ચૂંટણીમાં નુકસાન થશે,પાકિસ્તાન-મીડિયા ખૂબર ડરપોક છેઃ અઝહર



ન્યુ દિલ્હી

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલા એક સપ્તાહ પછી જ જૈશ-એ-મોહમ્મદના ચીફ મૌલાના મસૂદ અઝહરે એક નવો ઓડિયો જાહેર કર્યો છે. નવા ઓડિયોમાં મસૂદ અઝહરે પુલવામા હુમલામાં હાથ હોવાનો ઈકાર કર્યો છે. એટલે સુધી કે તેણે દાવો કર્યો છે કે, તે કદી પુલવામા એટેકનો આત્મઘાતી આતંકી આદિલ અહમદ ડારને પણ મળ્યો નથી. આ ઓડિયોમાં તેણે પાકિસ્તાની સરકાર અને મીડિયાને ડરપોક ગણાવ્યું છે. નોંધનીય છે કે, આ હુમલાના દિવસે જ જૈશે તેની જવાબદારી લીધી હતી પરંતુ હવે તે તેમની વાતથી પલટી મારી રહ્યા છે. ગુરુવારે જાહેર કરવામાં આવેલા ઓડિયોમાં મસૂદ અઝહરે કહ્યું છે કે, પુલવામા હુમલાથી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં નુકસાન થશે. ઓડિયોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, તેઓ પાકિસ્તાનને કોઈ પણ પ્રકારના યુદ્ધમાં ધકેલવા નથી માગતા અને ચીન હંમેશા પાકિસ્તાનનું જ સમર્થન કરશે. તે માટે ગભરાવવાની બિલકૂલ જરૂર નથી. ઓડિયોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, નરેન્દ્ર મોદી કાશ્મીરમાં સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયા છે. પુલવામા આતંકી હુમલા પછી સમગ્ર દુનિયામાં ઘેરાયેલી પાકિસ્તાન સરકારને મસૂદ અઝહર ડરપોક ગણાવી છે. તેણે કહ્યું કે, પાકિસ્તાની મીડિયા અને સરકાર બંને ડરેલી છે. આ ઓડિયોમાં મસૂદ અઝહરે આદિલ અહમદ ડારનું નામ પણ આપ્યું છે અને કહ્યું છે કે, આદિલે જ પુલવામા હુમલો કર્યો હતો .











તંત્રી સ્થાનેથી...

ચીનનુ વલણ પક્ષપાતી

ભારતના કેટલાક મામલે ચીનનુ વલણ હમેંશા પ્રશ્નો ઉઠાવે તે પ્રકારનુ રહ્યુ છે. સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં અરૂણાચલ પ્રદેશમાં પહોંચ્યા ત્યારે ચીને આની સામે વાંધો ઉઠાવ્યો હતો. ભારતના અખંડ ભાગ તરીકે હોવાની વાત વર્ષોથી ભારતે કરી હોવા છતાં ચીન આને લઈને વાંધો ઉઠાવે છે. જો કે તેના વાંધાની કોઈ નોંધ લેવાતી નથી. હવે ત્રાસવાદી મસુદ અઝહરના મામલે પણ ચીને પાકિસ્તાનનો ફરી સાથ આપ્યો છે. તેને ત્રાસવાદી જાહેર કરવાને લઈને અડચણો ચીને હમેંશા ઉભી કરી છે. જે સાબિતી આપે છે કે ચીન ભારતની સામે ખતરનાક છે. તેનુ વલણ સારા અને વિશ્વસનીય પડોશી જેવુ રહ્યુ નથી. હાલમાં અરૂણાપ્રદેશમાં પેટ્રોલિંગના મામલે ચીને વાંધો ઉઠાવ્યા બાદ ભારતે યોગ્ય જવાબ આપ્યો છે. ભારતીય સેનાએ પેટ્રોલિંગને રોકવા માટેની ચીનની દલીલને ફગાવી દીધી છે. સાથે સાથે પેટ્રોલિંગ જારી રાખવાની વાત પણ કરી છે. આવી સ્થિતીમાં ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો છે. હાલમાં જ દક્ષિણ ચીન પર ચીનના દાવાને ફગાવી દેવામાં આવ્યા બાદ તે વધારે આક્રમક નિતી અપનાવવા માટે ઈચ્છુક છે. કારણ કે ચીનને ચીનની ભાષામાં જ જવાબ આપવા માટે ભારતે પણતેના પડોશી દેશ મંગોલિયા, દક્ષિણ કોરિયા, ફિલીપાઈન્સ અને વિયતનામ જેવા દેશો સાથે સંબંધને વધારે મજબુત કરવાની તૈયારી કરી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનને તેની ભાષામાં જવાબ આપવા આંતરિક નિતી તૈયાર કરી રહ્યા હોવાના હેવાલ છે. ડોકલામ મામલે જે રીતે ભારતે છેલ્લી ઘડી સુધી આક્રમક નિતી અપનાવી હતી તે જોતા ભારત હવે શક્તિશાળી હોવાની સાબિતી તમામને મળી ગઈ છે. હાલમાં ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં ભારતને સામેલ કરવાને લઈને ચીને વાંધો ઉઠાવ્યા બાદ ભારતે પણ લાલ આંખ કરી છે. જેથી તે ભારત પર રાજદ્વારી દબાણ લાવવાના પ્રયાસમાં છે. બન્ને દેશો વચ્ચે વિશાળ હિમાલય ક્ષેત્ર છે. જેના કારણે સીમાંકન ખુબ મુશ્કેલ છે. ભારતનુ કહેવુ છે કે ચીન લાઈન ઓફ એક્ચુઅલ કન્ટ્રોલના પાલન કરીને સંબંધોનને સામાન્ય રાખે તે જરૂરી છે. પરંતુ ચીન આનો વારંવાર ભંગ કરે છે. ચીની ઘુસણખોરીને સરળતાથી લઈ શકાય નહી. ચીનની દુસાહસની ગતિવિધી વધી રહી છે. અલબત્ત બન્ને દેશોને એકબીજાની જરૂર રહેલી છે. એકબાજુ ભારતને ચીન પાસેથી રોકાણની જરૂર છે. તો બીજી બાજુ ચીનને ભારતીય બજારની જરૂર છે. જેથી આક્રમક વલણ અપનાવવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહી. જ્યારે પણ ચીની ઘુસણખોરી થાય ત્યારે આંતરરાષ્ટ્રીય સમુદા. સમક્ષ ભારતે રજૂઆત કરવી જોઈએ. ભારત વૈશ્વિક મંચ પર મજબુત રીતે વધી રહ્યુ છે. સાથે સાથે આર્થિક તાકાત તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે ચીનની હાલમાં ઉંઘ હરામ થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા હાલમાં જ પહેલ કરવામાં આવી છે તેના કારણે ભારત તરફ વિદેશના દેશો ખેંચાઈ રહ્યા છે. બીજી બાજુ ચીન એનએસજીના મામલે ભારતને સાથ નહી આપવાના પ્રશ્ને પણ ખુલ્લુ પડી ગયુ છે. તેની ખતરનાક ચાલથી માત્ર ભારત જ નહી બલ્કે વિશ્વના દેશો વાકેફ રહ્યા છે દક્ષિણ ચીન દરિયામાં પ્રભુત્વ જમાવવાની તેની નિતી વર્ષો જુની છે.

આતંકવાદ, ભારતીય નેતાની અરૂણાચલ યાત્રાને લઈને ચીને હમેંશા વાંધો ઉઠાવ્યો

સ્થાનિક યુવાનના હુમલાના કારણે સૌથી મોટી ચિંતા સપાટી પર છે...

સ્થાનિક યુવાને આત્મઘાતી હુમલો કર્યો છે

એક વર્ષ પહેલા સુધી બોમ્બર ૧૧માં ધોરણમાં હતો જેથી તેની વયનો અંદાજ લગાવી શકાય : ત્રાસવાદીઓની નજર સ્થાનિક યુવાનો પર છે



જમ્મુ કાશ્મીરના પુલવામામાં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલાની સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ ભીષણ હુમલાને અંજામ આપનાર એક સ્થાનિક યુવાન હતો. સીઆરપીએફના કાફલા પર ભીષણ ત્રાસવાદી હુમલો કરનાર જેશના ત્રાસવાદી આદિલ અહેમદ ડાર પુલવામાના કાકાપોરા ગામમાં રહેતો હતો. એક વર્ષ પહેલા તે ૧૧માં ધોરણમાં અભ્યાસ કરી રહ્યો હતો. જેથી તેની વયનો અંદાજ લગાવી શકાય છે. આ ઘટનાના કારણે ૨૦૦૦માં કરવામાં આવેલા બાદામી બાગ હુમલાની યાદ તાજી કરી દેવામાં આવી છે. એ વખતે એક ૧૭ વર્ષીય આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટક સાથે ભરેલી મારૂતિ ૮૦૦ કાર આર્મી કેમ્પમાં ઘુસાડીને ફુંકી મારી હતી. તેના એક વર્ષ બાદ સ્થાનિક ત્રાસવાદીઓ દ્વારા જમ્મુ કાશ્મીર વિધાનસભાના સંકુલની બહાર કરવામાં આવેલા એક કાર બોમ્બ વિસ્ફોટમાં ૩૮ લોકોના મોત થયા હતા. છેલ્લા કેટલાક સમયથી ત્રાસવાદી સંગઠનો દ્વારા સ્થાનિક કાશ્મીરી યુવાનોની ભરતી વધારે તેજ બનાવી દીધી છે. જે યુવાનો બન્દુક હાથમાં લેવા માટે તૈયાર નથી તે યુવાનોના હાથમાં પથ્થર આપી દીધા છે. ખાસ કરીને આ પ્રકારની પ્રવૃતિના કારણે સુરક્ષા દળોની સામે અનેક નવા પડકારો ઉભા થયા છે. જાણકારી એવી પણ મળી રહી છે કે ગયા વર્ષે જમ્મુ કાશ્મીરમાં ૧૯૧ સ્થાનિક યુવાનો દ્વારા જુદા જુદા ત્રાસવાદી સંગઠનોને જોઈન કરવા અંગેના અહેવાલ આવ્યા હતા. વર્ષ ૨૦૧૭માં આ યુવાનોની સંખ્યા ૧૨૬ નોંધવામાં આવી હતી. મોટા ભાગના યુવાનો હિઝબુલ મુજાહીદ્દીન સાથે જોડાયા હતા. તોયબા સાથે પણ મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. આ ટ્રેડ પર નજર રાખનાર જાણકાર લોકો કહે છે કે આ ધારણા ખતમ થઈ ગઈ છે કે ગરીબ અને ઓછા ભણેલા યુવાનો જ ત્રાસવાદી સંગઠનોમાં સામેલ થઈ રહ્યા છે. હવે તો સારા પરિવારના ભણેલા યુવાનો પણ ત્રાસવાદી સંગઠનમાં સામેલ થઈ રહ્યા છે. એન્જિનિયરો અને મેનેજમેન્ટમાં અભ્યાસ કરનાર યુવાનો પણ ત્રાસવાદી ગતિવિધીમાં સામેલ થઈ રહ્યા છે. સૈન્ય બળો પર પથ્થરમારો કરનારામાં યુવતિઓ પણ સામેલ છે. સોશિયલ મિડિયામાં કટ્ટરપંથી વિચારધારાને ફેલાવવા માટેના કામ કરવામાં આવી રહ્યા છે. જેના સકંજામાં યુવાનો પણ આવી રહ્યા છે. જો કે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આવા વિચાર તેમને પ્રભાવિત કેમ કરે છે. નોંધનીય છે કે જમ્મુ કાશ્મીરમાં પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે એક મોટા હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. તાજેતરના વર્ષોમાં સૌથી મોટા હુમલાને ત્રાસવાદીઓ દ્વારા અંજામ આપવામાં આવ્યા બાદ દેશભરમાં લોકોમાં પહેલાથી આક્રોશ છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદીઓ દ્વારા ગુમરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા. ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. વિસ્ફોટક સાથે ભરેલી એક ગાડીને લઈને જૈશના ત્રાસવાદી આદિલે સીઆરપીએફ જવાનોના કાફલાની બસમાં અથડાવી હતી. હુમલા બાદ જવાનોએ પણ કાર્યવાહીના પ્રયાસ કર્યા હતા પરંતુ અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. કાફલાની જે બસને ત્રાસવાદીઓએ ટાર્ગેટ બનાવી હતી તેમાં ૪૪ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો તે જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો તેમાં ૨૦૦૦ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરાયો તેમાં ૭૦ વાહનો હતા. આમાથી એક ગાડીને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. કાશ્મીરી યુવાનોને સુરક્ષા દળો વારંવાર સાવધાન કરતા રહે છે. તેમની પ્રત્યે દયા ભાવના પણ રાખે છે. તેમને કોઈ નુકસાન ન થાય તેની ખાતરી પણ કરે છે. પરંતુ હુમલા બાદ સામાન્ય દેશના લોકો નક્કર પણે માને છે કે ત્રાસવાદીઓ સામે જંગમાં અડચણરૂપ બનનાર દરેક વ્યક્તિ એક રીતે દેશના દુશ્મન કરતા મોટા દુશ્મન છે. આ પ્રકારના લોકો નિર્દોષ લોકો સામે ખતરારૂપ બની શકે છે. આત્મઘાતી હુમલાખોર ડાર પોતે પહેલા અનેક વખત સુરક્ષા દળોના હાથમાં ઝડપાયો હતો. જો કે છુટી ગયો હતો. આ પથ્થરબાજ આગળ ચાલીને કેટલો વિનાશક સાબિત થયો હતો તે સીઆરપીએફ કાફલા પર હુમલાથી સાબિત થાય છે.

દશકોથી જમ્મુ કાશ્મીરમાં અસ્થિરતા પણ કારણ

બોમ્બરો સ્થાનિકોના હિરો કેમ

આત્મઘાતી હુમલાખોરોમાં સ્થાનિક કાશ્મીરી યુવાનોના હિરો કેમ દેખાય છે. આના કારણ પણ કેટલાક રહેલા છે.વાસ્તવિકતા એ પણ છે કે રાજ્યમાં દશકોથી એક પછી એક અસ્થિર સરકારોના દોરમાં સામાજિક આર્થિક અને અન્ય સંબંધિત વિકાસની પ્રક્રિયા જમ્મુ કાશ્મીરમાં એ ગતિથી વધી શકી નથી જે ગતિથી અન્ય રાજ્યોમાં વધી છે. આજે સ્થિતી એ થઇ છે કે જમ્મુ કાશ્મીરના યુવાનો કાશ્મીરની અંદર કેરિયર બનાવવામાં સફળ સાબિત થઈ રહ્યા નથી. સાથે સાથે રાજ્યની બહાર જઈને પણ કાશ્મીરી યુવાનો સફળ કેરિયર બનાવી શક્યા નથી. અભ્યાસ, ખેલકુદ, સાંસ્કૃતિક ગતિવિધીમાં તેમની ઈર્જાને રચનાત્મક રીતે ઉપયોગ કરવામાં સફળતા મળી નથી. સ્વાભાવિક છે કે કેન્દ્ર સરકાર તેમની સાથે વાતચીત કરે તે જરૂરી છે. તેમની સમસ્યાને સમજીને તેમના હિતમાં કેટલીક નિતી બનાવે તે જરૂરી છે. આવી યોજના બનાવવી પડશે જેથી દેશભરમાં તેમની અવર જવર વધારે સ્વતંત્ર બની શકે. સામાન્ય બાબત એ છે કે કાશ્મીરી યુવાનોને આ બાબતની ખાતરી આપવી પડશે કે સરકાર તેમને પોતાના માને છે. સમગ્ર દેશ તેમના ઘર તરીકે છે. કાશ્મીરી યુવાનોને પણ સમજી લેવાની જરૂર છે કે ત્રાસવાદના કારણે ક્યારેય કોઈ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. શાંતિપૂર્ણ અને લોકશાહી રીતે પોતાના અવાજને ઉઠાવવામાં આવે તે જરૂરી છે. સારી બાબત એ છે કે વાતચીત મારફતે આગળ વધવામાં આવે. કાશ્મીરી યુવાનોની સામે જે સમસ્યાઓ છે તેવી સમસ્યા દેશના અન્ય ભાગોમાં રહેતા યુવાનોની અંદર પણ છે. પરંતુ હિંસા અને ત્રાસવાદી ગતિવિધી તરફ યુવાનો કોઈ દિવસે પ્રેરિત થતા નથી. વિરોધ પ્રદર્શન અને દેખાવો અને આંદોલન લોકશાહી રીતે કરવામાં આવે છે. આ યોગ્ય તરીકો પણ છે. કેટલાક કટ્ટરપંથીઓ કાશ્મીરી યુવાનોમાં રહેલા અસંતોષનો લાભ લઈને તેમને ત્રાસવાદી માર્ગ પર પ્રેરિત કરે છે. કોઈ પણ વ્યક્તિ હોય, ગેરમાર્ગે દોરનાર વ્યક્તિ હોય પરંતુ કાશ્મીરી યુવાનોને સમજી લેવાની જરૂર છે કે આનાથી કોઈ ફાયદો થનાર નથી. પથ્થરબાજી કરીને સુરક્ષા દળોના દેશના દુશ્મનોની સામે ઓપરેશનને રોકવાથી કોઈ ફાયદો થશે નહીં. કારણ કે સેના અને સુરક્ષા દળો તો ઓપરેશનને પાર પાડનાર છે પરંતુ અડચણો ઉભી કરનાર કટ્ટરપંથી યુવાનોના મોત પણ આમાં થઈ શકે છે. આધુનિક સમયમાં ત્રાસવાદી ગતિવિધી તરફ પ્રેરિત થઈને બન્દુક ઉઠાવવાના બદલે હાથમાં પેન, કોમ્પ્યુટર નવી નવી ટેકનોલોજી સાથે કાશ્મીરી યુવાનો આગળ આવે તે જરૂરી છે. આનાથી તેમની કુશળતા સાબિત કરી બતાવવાની પણ જરૂર છે.

ક્રુડ ઓઈલની કિંમતમાં છેલ્લા કેટલાક સમયથી સતત વધારો...

ઓપેકની મનમાની પર બ્રેક જરૂરી

તેલ ઉત્પાદક અને નિકાસકાર દેશોએ (ઓપેક)ફરી એકવાર તેલનુ ઉત્પાદન ઘટાડી દીધુ છે. પરંતુ માનવામાં આવે છે કે જેમ જેમ ભવિષ્યમાં સૌર અને પવન ઉર્જાનો વિકાસ થતો રહેશે તેમ તેમ પેટ્રોલિયમ પેદાશોની માંગ ક્રમશ ઘટતી રહેશે. જાણકાર નિષ્ણાંતો નક્કરપણે માને છે કે ઓપેક દેશોની મનમાની પર બ્રેક અથવા તો અંકુશ મુકવામાં આવે તે જરૂરી છે. ક્રુડ ઓઈલની કિંમતમાં ફરી એકવાર સતત વધારો થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચની ૧૬મી બેઠક હાલમાં યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે હાજર રહ્યા હતા. બેઠકમાં મોદીએ દુનિયાના તેલ ઉત્પાદક દેશો અને નિકાસ કરનાર દેશોને સલાહ આપતા કહ્યુહતુ કે તેઓ તેલની કિંમતો નક્કી કરતી વેળા ખુબ જવાબદારીપૂર્વકનુ વર્તન કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ આ નિવેદન ખુબ મહત્વ રાખે છે. કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડની કિંમત ૭૩ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ છે. આ વર્ષ ૨૦૦૪ બાદથી સૌથી ઉંચી સપાટી છે. મોદીએ કહ્યુ હતુ કે તેલ અને ગેસની પારદર્શક કિંમતો ખુબ જરૂરી છે. કારણ કે હજુ પણ મોટી સંખ્યામાં લોકોની પાસે ઉર્જા પહોંચી રહી નથી. જેથી કૃત્રિમ રીતે તેલ કિંમતોને વધારી દેવાની બાબત બિલકુલ યોગ્ય નથી. તેલ ઉત્પાદક દેશોના હિતમાં આ બાબત છે કે તેઓ તેલ ઉપભોક્તા દેશોના વિકાસને રોકવા માટે કોઈ પગલા ન લે. કારણ કે જો તેલ ઉપભોક્ત દેશોનુ નુકસાન થશે તો તેમનુ પણ નુકસાન થનાર છે. તેલ ઉત્પાદક દેશોને પણ નુકસાન થઈ શકે છે તેવી વાત કરીને મોદીએ નવી ચર્ચા જગાવી છે. તેલની કિંમત કૃત્રિમ રીતે વધે તે યોગ્ય બાબત નથી. તેના પર બ્રેક મુકવામાં આવે તેવા પ્રયાસો થવા જોઈએ. આ બેઠકમાં સાઉદી અરબ સહિત તેલ ઉત્પાદક દેશોના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. જો કે આ તમામ દેશોએ પોતાનુ બચાવ કરવા માટે તર્કદાર તારણો આપ્યા હતા. તેમનુ કહેવુ હતુ કે તેલની કિંમતો માંગ અને પુરવઠાના આધાર પર વધે છે. તેમનુ કહેવુ છે કે એવા પ્રસંગ પણ રહ્યા છે જ્યારે પુરવઠો વધારે હોવાથી તેલ ઉત્પાદક દેશોએ ભારે છુટછાટ પણ આપી છે. આ કડવી વાસ્તવિકતા છે કે વર્ષ ૧૯૭૩થી ઓપેક દેશ કાર્ટેલ બનાવીને તેલની કિંમતોને કૃત્રિમ રીતે ઉપર રાખવાના પ્રયાસો કરી રહ્યા છે. આ દુનિયામાં એકાધિકાર શક્તિના દુરુપયોગનો દેખીતો દાખલો છે. એશિયા પ્રિમિયમના નામ પર ભારત અને અન્ય એશિયન દેશોથી વધારે કિંમતમાં વસુલી કરે છે. જ્યારે એ જ તેલ યુરોપિયન દેશોને પ્રમાણમાં ઓછી કિંમતે આપવામાં આવે છે. વડાપ્રધાને એમ પણ કહ્યુ હતુ કે ભારત સાત અને આઠ ટકાના દરે ગ્રોથ કરે છે. આની સાથે સાથે તે વૈશ્વિક પર્યાવરણને બચાવી લેવા માટે સૌર ઉર્જાના ઉપયોગને લઈને કટિબદ્ધ છે. એક રીતે વડાપ્રધાને તેલ ઉત્પાદક દેશોને એવી ચેતવણી પણ આપી દીધી છે કે જો તેલની કિંમત આ જ રીતે વધતી રહેશે તો સૌર ઉર્જા તેમની સરખામણીમાં સસ્તી પણ પડશે. સાથે સાથે પર્યાવરણને પણ રાહત થશે. ઉર્જા મંચના કારોબારી નિર્દેશક ફતીહ બીરોલે કહ્યુ છે કે તેલની વધતી કિંમતો ઉત્પાદક દેશોના હિતમાં નથી. તેમણે કહ્યુ હતુ કે આગામી પાંચ વર્ષમાં અમેરિકા દુનિયાના બે તૃતિયાશ તેલની જરૂરિયાતને પૂર્ણ કરનાર છે. દુનિયાના દેશો જોઈ શક્યા છે કે વર્ષ ૧૯૭૩થી લઈને હજુ સુધી ઓપેક દેશ એકત્રિત થઈને તેલની કિંમતોને નિયંત્રણ કરવાના પ્રયાસ કરી રહ્યા નથી. ઓપેક દેશોનુ નેતૃત્વ સામાન્ય રીતે સાઉદી અરેબિયા કરે છે. ઓપેકની પદ્ધિતી એ છે કે તેલની કિંમતો ઓછી થવાની સ્થિતીમાં પોતાના સભ્ય દેશોને તેલનો પુરવઠો આપે છે. સાથે સાથે તેલ પર પોતાના એકાધિકારની શક્તિનો દુરુપયોગ કરે છે. પરંતુ છેલ્લા છ વર્ષોથી ઓપેક દેશોની આ પદ્ધિતી ચાલી રહી નથી. આનુ કારણ છે કે અમેરિકાએ પોતાના ક્રુડ ઓઈલનુ ઉત્પાદન બે ગણુ કરી દીધુ છે. જેથી તેલની કિંમતો ઘટી ગઈ છે. પરંતુ ઓપેક દેશ તેલના પુરવઠાને ઘટાડી દઈને તેલની કિંમતો વધારી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા નથી. જેથી અન્ય ઓપેક દેશના દબાણ છતાં સાઉદી અરેબિયાએ આ પદ્ધિતીને સ્વીકાર કરવાનો ઈન્કાર કરી દીધો છે. થોડાક સમય પહેલા દુનિયાની તેલની કિંમત જે ૧૪૭ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી તે ઘટીને ૩૦ ડોલર પ્રતિ બેરલ સુધી નીચે પહોંચી ગઈ હતી. જો કે લાંબા સમય સુધી ૫૦ ડોલર પ્રતિ બેરલથી નીચે રહ્યા બાદ હવે ફરી ક્રુડની કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. આનુ કારણ એ છે કે ઓપેક દેશોએ તેમની જુની પદ્ધિતીને અપનાવવાની શરૂઆત કરી દીધી છે. વર્ષ ૨૦૧૬ બાદથી ઓપેક દેશોએ પોતાનુ દરરોજનુ ઉત્પાદન ૧૭ લાખ બેરલ ઓછુ કરી દીધુ છે. આજે પણ ઓપેક દેશ દુનિયાની ૪૨ ટકા જરૂરિયાતને પૂર્ણ કરે છે. ઓપેક દેશોની ઈચ્છિત ગતિવિધી પર બ્રેક મુકવામાં આવે તે જરૂરી છે. અગાઉની યુપીએ સરકારે ઈરાન પાસેથી સસ્તા તેલ અને તે પણ રૂપિયામાં ખરીદી લેવાના વિકલ્પ પર વિચારણા પણ કરી ન હતી. વર્તમાનમાં મોદી સરકાર ઈરાન પાસેથી તેલ ખરીદી રહી છે.

માતૃભાષા પ્રત્યે વફાદારી ક્યારે બતાવીશું?

૨૧મી ફેબ્રુઆરી... આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ... અહં... આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ વચ્ચે જરા પણ ગૂંચવાઈ જવાની જરૂર નથી. અલગ અલગ પ્રકારના દિવસો ઉજવનારા આપણે, આટલો મહત્ત્વનો દિવસ ભૂલી જઈએ છીએ.

આપણામાંથી મોટાભાગના લોકો માટે ફેબ્રુઆરી એ વેલેન્ટાઈન્સ ડે કે વેલેન્ટાઈન વીક પૂરતો જ મર્યાદિત થઈ ગયો છે. આપણી માતૃભાષા પ્રત્યે આપણે એટલા ઉદાસીન થયા છીએ કે આવનારી પેઢી ગુજરાતી ભાષા (બોલી) વિશે કદાચ પુસ્તકોમાં જ વાંચી શકશે. આનું એક સાવ સરળ ઉદાહરણ જોઈએ-

એક અમેરિકન વિદ્યાર્થી અંગ્રેજીની સાથે સાથે ગુજરાતી ભાષા પણ શીખે છે અને બીજી બાજુ એક ભારતીય વિદ્યાર્થી ગુજરાતીની સાથે સાથે અંગ્રેજી ભાષા શીખે છે. એક રીતે જોવા જઈએ તો એ બંને વિદ્યાર્થીઓ તેમની ભાષાઓના જ્ઞાનના ભંડોળમાં વધારો કરી રહ્યા છે. પાંચેક વર્ષ બાદ જ્યારે તમે એ બંને વિદ્યાર્થીને મળશો ત્યારે અમેરિકન વિદ્યાર્થીની બોલચાલમાં એક પણ ગુજરાતી શબ્દ નહીં સાંભળવા મળે, પણ ગુજરાતી વિદ્યાર્થીની બોલચાલમાં તમને ચોક્કસ જ ત્રણ-ચાર અંગ્રેજી શબ્દો સાંભળવા મળશે જ. (જો ભાઈ બીજી ભાષાના પ્રેમમાં જ પડી ગયો હશે તો કદાચ તે ગુજરાતી ભાષા ભૂલીને અંગ્રેજી ભાષા જ બોલતો થઈ ગયો હશે હોં). કંઈ ફરક નજરે પડ્યો? અમેરિકન વિદ્યાર્થીની બહુભાષાવાદ અને ભારતીય વિદ્યાર્થીના બહુભાષાવાદમાં ખૂબ મોટો તફાવત છે.

અમેરિકન વિદ્યાર્થીના બહુભાષાવાદને કારણે ભાષાજ્ઞાનમાં વધારો થયો, જ્યારે ભારતીય વિદ્યાર્થીનો બહુભાષાવાદ એક ભાષાની બાદબાકી કરાવે છે. જો આપણે માનવતાને બચાવવી હશે તો પહેલાં માતૃભાષાને બચાવવી જ પડશે. માનવતા અને માતૃભાષા વચ્ચે એક ખૂબ જ ગાઢ સંબંધ છે.

માતૃભાષા એ દરેક વ્યક્તિની ઓળખ છે, જે કોઈ તમારી પાસેથી છીનવી શકવાનું નથી. આપણી માતૃભાષા એ આપણું અસ્તિત્વ છે, આપણી વાત સમાજમાં, લોકો સમક્ષ મૂકવા માટેનું એક સશક્ત માધ્યમ, હથિયાર છે માતૃભાષા. માતૃભાષા એ આપણને મળેલો એક અલભ્યો વારસો છે. દુનિયામાં કોઈ પાસે એવી તાકાત નથી કે જે તમારી પાસેથી તમારો આ અમૂલ્ય વારસો છીનવી શકે. ઘરમાં બાળક જન્મે અને તે ધીરે ધીરે મોટું થાય. આસપાસના લોકો સાથે સંપર્ક સાધવા માટે બાળક જે ભાષા શીખે છે એ એની માતૃભાષા હોય છે. આ ભાષા શીખવા માટે બાળકને ખાસ કોઈ વ્યાકરણ શીખવવાની જરૂર નથી પડતી. દાખલા તરીકે ગુજરાતમાં જન્મેલા બાળકને ગુજરાતી શીખવા માટે, પંજાબમાં જન્મેલા બાળકને પંજાબી શીખવા માટે કે અન્ય કોઈ રાજ્યમાં જન્મેલા બાળકને તેની માતૃભાષા શિખવા માટે કોઈ ક્લાસીસમાં મોકલવાની જરૂર નથી પડતી.

પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી રહેલા આપણે ઘણી વખત મોડર્ન દેખાવવાના ચક્કરમાં કે સમાજમાં પોતાનું સ્ટેટસ જાળવી રાખવા માટે આપણે જાહેર સ્થળોએ આપણી માતૃભાષામાં વાત કરતા અચકાઈએ છીએ.

બીજી ભાષામાં આપણા વિચારો વ્યક્ત કરવામાં આપણને મુશ્કેલી પડે છે, કારણ કે માતૃભાષા પર આપણું જેટલું પ્રભુત્વ હોય છે, એટલું બીજી ભાષા પર હોતુ નથી, બે ભાષાની વચ્ચે અટવાઈ રહેલાં આપણે હવે માતૃભાષા વગરના થવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ, જો આપણે અત્યારે પણ માતૃભાષા માટે કંઈ નહીં કરીએ તો...



એક સર્વે અનુસાર દુનિયાભરમાં પચ્ચીસ ટકા ભાષાઓ એવી છે કે જે બોલનારાઓની સંખ્યા ૧૦૦૦થી પણ ઓછી છે. ૧૯૬૧ની ગણતરી અનુસાર ભારતમાં ૧૬૫૨ જેટલી ભાષાઓ બોલાય છે અને તેમાંથી ૧૩૬૫ ભાષાઓ એ માતૃભાષા છે, જે વર્તમાન સમયમાં લોકો બોલે છે. આ ૧૩૬૫માંથી ૨૩૪ જેટલી ભાષા એવી છે કે જે બોલનારાઓની સંખ્યા ૧૦,૦૦૦ જેટલી છે. જ્યારે ૪૨.૩ કરોડ લોકોની માતૃભાષા હિંદી છે, એટલે કે ૪.૪૬ ટકા લોકો હિંદી ભાષા બોલે છે. જ્યારે ૬૩.૪ કરોડની માતૃભાષા બીજી અન્ય ભાષાઓ છે.

કોઈપણ ભાષાને તે ભાષા બોલનારા અને લખનારાઓ જ મહાન બનાવતા હોય છે તો આપણે આપણી માતૃભાષા ગુજરાતીને કેમ મહાન ન બનાવી શકીએ. અંગ્રેજી કે અન્ય કોઈ પણ ભાષામાં એવી કોઈ ખાસ વાત નથી કે લોકો તેમની પ્રત્યે આકર્ષાય છે.

અંગ્રેજી પ્રજાએ અંગ્રેજી ભાષાને વફાદાર રહીને તેને મહાન બનાવી છે. આપણે પણ આપણી માતૃભાષાને વફાદાર રહીને તેને મહાન તો બનાવી જ શકીએને? આપણી માતૃભાષાનું ધોવાણ થતું આપણે જ અટકાવવું પડશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ કહ્યું છે કે જે વ્યક્તિ પોતાની માતૃભાષાનો આદર નથી કરતો, એ ક્યારેય પોતાની માતાનો આદર કરી નથી શકતો.

ક્યારથી થઈ શરૂ થઈ ઉજવણી?

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઊજવણી ક્યારથી શરૂ થઈ એ વિશેની વાત કરીએ તો ૧૯૪૭માં ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ પાકિસ્તાને પૂર્વીય પાકિસ્તાન (અત્યારના બાંગ્લાદેશ)માં ઉર્દૂને રાષ્ટ્રભાષા જાહેર કરી દીધી, જ્યારે કે ત્યાં બાંગ્લા ભાષા બોલનારાઓની સંખ્યા વધુ હતી. ૧૯૫૨માં જ્યારે અન્ય ભાષાઓને પૂર્વીય પાકિસ્તાનમાં અમાન્ય જાહેર કરી દેવામાં આવી ત્યારે નાગરિકોએ વિદ્રોહ કર્યો, જેમાં ઢાકા યુનિવિર્સિટીના વિદ્યાર્થીઓ પણ જોડાયા. આ આંદોલનને રોકવા માટે પોલીસે ગોળીબાર કર્યો જેમાં કેટલાય વિદ્યાર્થીઓનાં મૃત્યુ થઈ ગયાં. પોતાની માતૃભાષા બચાવવા જતા શહીદ થયેલાંઓની યાદમાં ૨૧મી ફેબ્રુઆરીને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઊજવવાની શરૂઆત કરવામાં આવી. ૧૯૯૯માં યુનેસ્કોએ એવી ભાષાઓના સંવર્ધન અને સંરક્ષણ માટે અને લોકોનું ધ્યાન જાય એ માટે ૨૧મી ફેબ્રુઆરીને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી જે ઓછા વધતા અંશે જોખમમાં છે.

૨૫૦૦ ભાષાઓ પર તોળાઈ રહ્યું છે સંકટ

હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું હતું કે વિકાસના નામે આશરે ૨૩૪ જેટલી ભાષાઓનો મૃત્યુઘંટ તો ક્યારનોય વાગી ગયો છે, જ્યારે હજી ૨૫૦૦ જેટલી ભાષાઓ સામે આ જોખમ તોળાઈ રહ્યું છે. અમુક ચોક્કસ અંતરે જેમ પાણીનો સ્વાદ બદલાય છે એમ દર ચાર ગામે બોલી પણ બદલાય છે. જો તમે વિચારી રહ્યા હો કે આપણે માત્ર ભાષાઓ જ ગુમાવી રહ્યા છીએ, તો એવું નથી. આપણે ભાષાની સાથે જોડાયેલી સંસ્કૃતિ અને ઓળખ પણ ગુમાવી રહ્યા છીએ.

માતૃભાષા માટે આટલી ઉદાસીનતા

આપણે આપણી માતા માટે કેટલા ભાવુક અને લાગણીશીલ હોઈએ છીએ તો ભાષા એ આપણી માતા જ છે. આપણે આપણી માતૃભાષા પ્રત્યે આટલી ઉદાસીનતા કેમ સેવીએ છીએ? આજે કોઈ પણ ગુજરાતી ઘર જોઈ લો તેમાં ઉછરનારા બાળકોને ગુજરાતી એ તેમની માતૃભાષા છે એની જાણ નથી હોતી અને એ બાળક તે ભાષા સમજી પણ શકતું નથી, શું તેની આ હાલત માટે આપણે જવાબદાર નથી? ચોગડો અને એકડો એટલે એકતાળીસ ભણી ચૂકેલા આપણે તેને ફોર વન એટલે ફોર્ટીવન બોલતો કરી દીધો છે.

હમણાં જ એક દિવસ રસ્તામાં લટાર મારતી વખતે એક ખૂબ જ રસપ્રસ ઘટના જોઈ

એક દાદી તેના પૌત્રને શાળાએથી ઘરે લઈ જઈ રહી હતી. હવે તમને થશે કે આમાં રસપ્રદ શું છે, આ તો એક સામાન્ય દૃશ્ય છે. પણ રસપ્રદ વાત હવે આવે છે, દાદી તેના પૌત્રને કહી રહી હતી કે, આમ ભર રસ્તે રન નહીં કરવાનું દીકરા, પછી તું ફોલ થઈ જઈશ. ચાલ ઘરે જઈને હજી તને રોટલી શાક ઈટ કરવાના છે, પછી તારે ટ્યૂશનમાં લર્ન કરવા પણ જવાનું છે ને... બસ ત્યાં સુધીમાં તો અમારા રસ્તા ફંટાઈ ગયા. સાંભળવામાં આ ઘટના ખૂબ જ રમૂજી લાગી રહી છે, પણ એની પાછળ રહેલી કરુણતા સમજવાનો પ્રયાસ કરીએ તો ખૂબ જ ગંભીર વાત છે આ. તમે નથી ગુજરાતી સરખું બોલતા કે નથી અંગ્રેજી. આવું અંગ્રેજી બોલીને તમે બંને ભાષાનો દાટ વાળો છો.

આવતી કાલે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ છે અને માતૃભાષાને બચાવવા માટેના પ્રયાસોના શ્રીગણેશ કરવાનું આનાથી સારું ચોઘડિયું બીજું કયું હોઈ શકે? બાળકને દુનિયા સાથેની હરીફાઈ માટે તૈયાર કરવાની સાથે સાથે રોજે તેને માત્ર અડધો કલાક તેની માતૃભાષા શીખવાડવાનું નાનકડું પ્રણ તો લઈ જ શકીએ ને?

સારવારને લઈને બેદરકારી મોતને આમંત્રણ આપી શકે છે કારણ કે...

ક્રોનિક કિડની રોગ હવે વધુ ખતરનાક

દુનિયાભરમાં મોટી સમસ્યા બનીને ઉભરી રહેલી ક્રોનિક કિડની બિમારીના કારણે તબીબો સામે પણ નવા નવા પડકારો ઉભા થઈ રહ્યા છે. સમસસર સારવાર નહીં થવાના કારણે આ બિમારી વધારે ખતરનાક સ્વરૂપ ધારણ કરી રહી છે અને મોટી સંખ્યામાં મહિલાઓના મોત થઈ રહ્યા છે. અસમય મૃત્યુના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. આંકડા દર્શાવે છે કે આ બિમારીના કારણે દુનિયાભરમાં આશરે ૧૯.૫ કરોડ મહિલાઓ ગ્રસ્ત બનેલી છે. સાથે સાથે દર વર્ષે આ તકલીફના કારમે આશરે છ લાખ મહિલાઓના મોત થઈ રહ્યા છે. ક્રોનિક કિડની ડિસીઝ હોવાના કારણે મહિલાઓની હાલત કફોડી બની રહી ચે. આ બિમારી થવા માટેના કેટલાક કારણો રહેલા છે. જેમાં સૌથી મુખ્ય કારણ તો ડાયાબિટીસ છે. સાથે સાથે સ્થુળતા પણ કેટલાક કારણો પૈકી એક કારણ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે હાઇ બીપી, કિડની સાથે જોડાયેલી અન્ય તકલીફ પણ તેના માટે કારણરૂપ છે. કિડની સાથે જોડાયેલા પારિવારિક ઇતિહાસ,, પથરી અને એન્ટીબાયોકિ દવાનો જરૂર કરતા વધારે ઉપયોગ કરવાથી તેની અસર થાય છે. આ બિમારી ઘર કરી જાય છે. જાણકાર તબીબો કહે છે કે ક્રોનિક કિડની ડિસીઝને રોકવા માટે અને તેને વધારે આગળ વધતા રોકવા માટે બ્લડ પ્રેશર અને ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં આવે તે જરૂરી છે. આ બન્ને પર અંકુશ મુકીને બિમારી પર બ્રેક મુકી શકાય છે. જો કે વર્તમાન સ્થિતીમાં જ્યારે લોકો અસ્વસ્થ જીવન શેલી અપનાવી રહ્યા છે ત્યારે આ સ્થિતીનો સામનો કરવાની બાબત પડકારરૂપ છે. ક્રોનિક કિડની ડિસીઝના સંબંધમાં મહિલાઓને વધુને વધુ માહિતી આપીને તેની તકલીફથી બચાવી શકાય છે. જો બિમારીની પહેલાથી જ જાણ થઈ જાય તો સારવાર સરળતાથી થઈ શકે છે. તેની ગતિને ખાવા પીવાની ટેવમાં ફેરફાર કરીને અને ધુમ્રપાનને ટાળીને બચી શકાય છે. વજનને નિયંત્રિત કરી શકાય છે. દવાનો ઉપયોગ પણ અસરકારક સાબિત થઈ શકે છે. પરંતુ જો કિડની એટલી નુકસાનગ્રસ્ત થઈ ગઈ છે કે તે કામ કરવામાં સક્ષમ નથી તો રોગીને ડાયાલિસીસની સલાહ આપવામાં આવે છે. નિષ્ણાંત તબીબો કહે છે કે જ્યારે આ બિમારી એડવાન્સ સ્ટેજમાં પહોંચી જાય છે ત્યારે પેરિટોનિયલ ડાયાલિસીસ ખુબ અસરકારક સાબિત થાય છે. આ સારવારની સુરક્ષિચ અને સુવિધાજનક તરીકા પૈકી છે. ડાયાલિસીસ સાથે જોડાયેલી સમસ્યા ઓછી હોય છે. સાથે સાથે રોગીની લાઇફમાં ગુણવત્તાને સુધારે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વધુ ઊંચાઈ ધરાવતા લોકોમાં કેન્સરનો ખતરો અન્ય કરવા વધારે રહે છે. લાંબા કદની મહિલાઓમાં પણ કેન્સરનો ખતરો વધી જાય છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મહિલાઓની હાઈટમાં દર ૧૦ સેન્ટીમીટરનો વધારો થવાથી કેન્સરના ખતરામાં ૧૬ ટકાનો વધારો થઈ જાય છે. અગાઉના અભ્યાસમાં હાઈટ અને કેન્સરના ખતરા વચ્ચે સંબંધોની વાત કરવામાં આવી હતી પરંતુ આ નવા અભ્યાસમાં વધુ એક પગલું આગળ વધીને જણાવવામાં આવ્યું છે કે હાઈટના સંબંધ કેન્સરના ખતરા સામે રહેલું છે. જુદા જુદા વર્ગ અને લાઈફ સ્ટાઈલ અપનાવનાર મહિલાઓ ઉપર જુદી જુદી રીતે કેન્સર થવાનો ખતરો વધી જાય છે. નવા અભ્યાસમાં અન્ય ઘણી ચોંકાવનારી બાબાત પણ ગણવામાં આવી છે. નવા અભ્યાસના તારણો રજૂ કરનાર ટીમના વડા ડૉક્ટર જેન ગ્રીને કહ્યું છે કે અમે આ અભ્યાસ મારફતે એ બાબત સાબિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે કે વધારે હાઈટના કારણે કેન્સર થવાનો ખતરો એક જગ્યા ઉપર નથી પરંતુ એશિયા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને નોર્થ અમેરિકાના દેશોમાં પણ છે. તેમણે કહ્યું છે કે હાઈટ અને કેન્સરના રિસ્ક વચ્ચે સીધા કનેક્શન છે. આનો મતલબ એ થયો કે વધતી વયેથી કેન્સરને દૂર રાખવાના પ્રયાસો થવા જોઈએ. બ્રિટનમાં વર્ષ ૧૯૯૬થી ૨૦૦૧ વચ્ચે પોતાની નોંધની કરનાર ૧૩ લાખ મહિલાઓને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. આ ૧૦ વર્ષમાં શોધ કરવામાં આવ્યા બાદ ૯૭,૦૦૦ મહિલાઓમાં કેન્સર હોવાની બાબત સપાટી ઉપર આવી હતી. લાંબી મહિલાઓમાં કેન્સર થવા કારણો અભ્યાસમાં જાણવામાં મળ્યા નથી પરંતુ બ્રિટનમાં આવેલા અભ્યાસને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

દુનિયાભરમાં આ બિમારીથી ૧૯.૫ કરોડ મહિલાઓ ગ્રસ્ત : દર વર્ષે બિમારીના કારણે છ લાખ મહિલાઓના મોત થઈ રહ્યા છે

ટુંકમાં અંતરિક્ષ યાત્રા કરી શકાશે

જો તમે અંતરિક્ષનીયાત્રા કરવા માટેની યોજના બનાવી રહ્યા છો તો તૈયારી કરી લેવાની જરૂર છે. વર્ષ ૨૦૧૮માં સ્પેસ હોલિડેના સપનાને સાકાર કરી શકાય છે. પ્રવાસીઓને આ રોમાંચક પ્રવાસ પર લઇ જનાર એક રોકેટ કેપસુલનુ આ સપ્તાહમાં જ પરીક્ષણ કરવામાં આવ્યુ છે. બ્લુ ઓરિજનના વેસ્ટ ટેક્સાસ સ્થિત લોંચ સાઇટથી ફ્રુ કેપસુલને છોડી દેવામાં આવ્યા બાદ તેની ઉત્સુકતા વધી હતી. ખાસ બાબત એ છે કે કંપનીના બીજી વખત ઉપયોગમાં આવનાર રોકેટ લોન્ચર, ન્યુ શેપર્ડની મદદથી આને લોંચ કરવામાં સફળતા મળી હતી. હવે આકેપસુલમાં બેસીને લોકો ધરતીથી ૧૦૦ કિલોમીટર ઉપર સુધીની રોમાંચક યાત્રા કરી શકશે. આ સાતમી વખત છે જ્યારે ન્યુ શેપર્ડે ઉડાન ભરી છે. માનવામાં આવે છે કે રોકેટ લોન્ચરની બીજી વખત ઉપયોગ થનાર ક્ષમતાના કારણે અંતરિક્ષની યાત્રામાં આવનાર ખર્ચને ઘટાડી શકાય છે. આના કારણે વધુને વધુ લોકો આ અંતરિક્ષની રોમાંચક યાત્રાની મજા માણી શકશે. નવા ફ્રુ કેપસુલને માર્ચમાં પ્રથમ વખત જાહેર રીતે દેખાવવામાં આવ્યા બાદ તેની ચર્ચા રહી હતી. તેમાં ૨.૪ ફુટ પહોળી અને ૩.૬ ફુટ ઉંચી બારી આવેલી છે. બ્લુ ઓરિજન અને એમજોન બન્નેના સ્થાપક જેફ બેજોસના કહેવા મુજબ આટલી મોટી બારીઓની સાથે સ્પેસ યાત્રા પર જનાર તે પ્રથમ કેપસુલ બનશે. આકેપસુલમાં છ લેધર સીટો રહેલી છે. તમામની સાથે અલગ અલગ સ્કીન ગોઠવામાં આવી છે. આના કારણે પ્રવાસીઓને ફ્લાઇટના સંબંધમાં વધારે માહિતી મળી શકશે.

બિયરનો કેઝ હવે વધ્યો છે

ફ્રાન્સમાં વૈજ્ઞાનિકોએ અભ્યાસ બાદ તારણ આપતા કહ્યું છે કે બીયર હાથમાં હોવાની સ્થિતિમાં વ્યક્તિ પોતાને વધુ સેક્સી, સ્માર્ટ અનુભવ કરે છે. ફ્રાન્સ યૂનિવર્સિટીમાં લોરેન્ટબેગના નેતૃત્વમાં સાયકોલિજીસ્ટની ટીમ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે હાથમાં શરાબ અથવા બિયર હોવાની સ્થિતિમાં તે પોતાને વધુ સેક્સી અનુભવ કરે છે. પ્રથમ તબક્કામાં અભ્યાસના ભાગરૂપે મોટી સંખ્યામાં ડ્રીંકરોને આવરી લેવામાં આવ્યા હતા. અભ્યાસ દરમિયન પુરુષોએ કહ્યું છે કે તેઓ શરાબ હાથમાં હોવાની સ્થિતિમાં વધારે આત્મવિશ્વાસી અને સેક્સી અનુભવ કરે છે. જુદા જુદા પ્રકારની બિયર અને શરાબને અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવ્યા બાદ લોકોના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા. મિક્સ શરાબ પણ આમાં આવરી લેવામાં આવી હતી. શરાબનું સેવન કરતીવેળા લોકો પોતાને ખૂબ જ આત્મવિશ્વાસી અનુભવ કરે છે. શરાબ પીતી વેળા નવી નવી બ્રાન્ડને લઈને પણ ઉત્સુક્તા રહે છે. શરાબ પીતી વેળા ફિલ્મ નિહાળવા, ટીવી નિહાળવાની બાબત પણ હવે સર્વ સામાન્ય બની છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે શરાબ પીનાર વ્યક્તિ પોતાને વધુ આકર્ષક પણ અનુભવ કરે છે. અભ્યાસના તારણ બ્રિટિશ જરનલ ઓફ સાઇકોલોજીસ્ટમાં પ્રકાશિત કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે પશ્ચિમી દેશોમાં શરાબ સામાન્ય બાબત છે. લોકો જુદા જુદા ફ્રુટની બિયરનો ઉપયોગ જેમાં બનાના બિયર, ફ્રુટ બિયરનો સમાવેશ થાય છે. બેલ્જિયમમાં ૬૦ ટકા લોકો બનાના ફ્લેવરનો ઉપયોગ કરે છે. બ્રાઝિલ અને પશ્ચિમ જર્મનીમાં ફ્રુટ ડ્રીંકનો વધારે ઉપયોગ કરવામાં આવે છે.

એકલપંડે કાર ડ્રાઈવિંગ કરી આર્કટિક સર્કલ પર પહોંચનારી વિશ્વની પ્રથમ મહિલા ભારૂલતા કાંબલે

૧૪ દેશોની ૧૦,૦૦૦ કિમીની સફર પૂર્ણ કરી આર્કટિક સર્કલ પર તિરંગો લહેરાવ્યો

સુરત

‘કદમ હો અસ્થિર જેના રસ્તો તેને જડતો નથી, અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી..’ આ પંક્તિને સાર્થક કરી છે મૂળ નવસારીના વતની અને યુ.કે.માં રહેતા એન.આર.આઈ. ભારૂલતા પટેલ કાંબલેએ. પોતાના બે પુત્રો પ્રિયમ અને આરૂષ સાથે સોલો કાર ડ્રાઈવિંગ કરી આર્કટિક સર્કલ પૂર્ણ કરનાર વિશ્વની પ્રથમ મહિલા બનવાનું ગૌરવ મેળવ્યું છે. ગુજરાતીઓના ગૌરવને વિશ્વસ્તરે ઉજાગર કરનાર ભારૂલતા કાંબલેએ ‘મમ વિથ ટુ કિડ્સ’ની થીમ પર ‘બેટી બચાવો, બેટી પઢાઓ’, કેન્સર જાગૃતિ અને સ્વચ્છતાના સંદેશ સાથે સોલો કાર પ્રવાસ કરીને ૨૭૯૨ કિમીનું અંતર માત્ર ૩૯ કલાકમાં પૂર્ણ કરી આર્કટિક સર્કલના ઉત્તરધ્રુવ પર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

અદમ્ય સાહસનો પરચો કરાવનાર આ ગુજરાતી મહિલાએ આ અગાઉ વર્ષ ૨૦૧૬માં પણ ૫૭ દિવસમાં ૩૨ દેશોની ૩૫,૩૮૩ કિમીની સફર પૂર્ણ કરી હતી. એ સમયે તેઓ બીએમડબ્લ્યુ ૭૩ માં સવાર થઇ ૭૫ દિવસની રોમાંચક સફર દરમિયાન આર્કટિક સર્કલ, બે ખંડ, છ ટેરેટોરિઝ, ૯ ટાઈમ ઝોન, ૩ રણ, ૯ પર્વત માળાઓ અને ૩૨ દેશોમાંથી પસાર થયા હતા. આ ઉપરાંત ઓગસ્ટ, ૨૦૧૭માં ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ના સંદેશ સાથે ગ્રેટ બ્રિટનના છેડાના બે વિસ્તારો- સાઉથવેસ્ટ, લેન્ડ્સ એન્ડ થી નોર્થઈસ્ટ સ્કોટલેન્ડના જહોન ઓ ગ્રોટ્સ વચ્ચેની ૧૫૦૦ કિમીની નોનસ્ટોપ મુસાફરી માત્ર ૧૪ કલાક અને ૩૩ મિનિટમાં પૂર્ણ કરી ૭૦માં સ્વાતંત્ર્ય દિનની તેમણે અનોખી ઉજવણી પણ હતી.

ભારૂલતા કાંબલે પ્રથમ એવા સાહસિક મહિલા છે જે આર્કટિક સર્કલમાં કોઈ પણ બેક અપ વાહન કે ક્રુ મેમ્બરની સહાય વિના એક સોલો ડ્રાઈવર તરીકે ૧૪ દેશોનું ૧૦,૦૦૦ કિમીનું અંતર કાપીને ભારત પરત ફર્યા હતા. તેમના લક્ષ્યને પૂર્ણ કરવામાં તેમના પતિએ મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો, અને મુસાફરીનો તમામ ખર્ચ ઉઠાવ્યો હતો. સફર દરમિયાન ઘણા સેવાભાવી લોકોએ તેમના કાર્યથી પ્રભાવિત થઈ ચેરિટી ફંડ આપ્યું હતું, જેને તેમણે કન્યા અનાથાશ્રમનું સંચાલન કરતી સામાજિક સંસ્થા હેમરાજ ચિલ્ડ્રન હોમમાં ડોનેટ કર્યું હતું.

ભારૂલતા કેન્સરના રોગથી પીડિત

મહત્વપૂર્ણ વાત એ છે કે, ભારૂલતા કાંબલે કેન્સરના રોગથી પીડિત છે. બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહેલા ભારૂલતાએ મુસાફરી શરૂ કર્યાના બે મહિના પહેલા જ કેન્સર સર્જરી કરાવી છે. જેમાં તેમના શરીરનું એક અંગ પણ દૂર કરવામાં આવ્યું છે. સર્જરી પછીની સારવારની પીડા અને અસ્વસ્થતાને નજરઅંદાજ કરી તેમણે સ્ત્રી શિક્ષણ, કેન્સર અને કન્યા કેળવણી અંગે લોકોને જાગૃત્ત કરવાનું અભિયાન શરૂ કર્યું. તેમનો આ સંકલ્પ ‘મમ વિથ ટુ કિડ્સ’ અભિયાનમાં પરિણમ્યો. તેમના ૧૩ વર્ષીય પુત્ર પ્રિયમે મમ્મીના ડ્રાઈવિંગ સ્કિલનો ઉપયોગ કશુક નોખું-અનોખું કરવા માટે કરવા માટે સૂચવ્યું.

તાજેતરની તેમની ગુજરાત મુલાકાત દરમિયાન રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ તેમની સાહસપૂર્ણ સિદ્ધી બદલ વિશેષ સન્માન કર્યું હતું. તાજેતરમાં નવસારીના મહેમાન બની તેમણે જિલ્લા કલેકટર ડો. એમ.ડી. મોડિયા સાથે પણ મુલાકાત કરી હતી.

આર્કટિક સર્કલના ઉત્તરધ્રુવ પર પહોંચી તિરંગો લહેરાવવાના લક્ષ્યને સાકાર કરવા તેમજ ‘બેટી બચાવો, બેટી પઢાઓ’, સ્વચ્છતા, ‘સે નો ટુ પ્લાસ્ટિક’ અને કેન્સર જાગૃત્તિના સંદેશ સાથે ભારૂલતા અને તેમના બે બાળકોએ અનેક વિષમ આબોહવા અને પ્રતિકૂળ વાતાવરણ સામે બાથ ભીડીને પ્રેરણાદાયી સિદ્ધી હાંસલ કરી છે.

વિદેશમાં રહેવા છતા ભારતીય સંસ્કૃતિ ભૂલી નથી!

નવસારી જિલ્લાના દાંડી નજીક જલાલપોર તાલુકાના આટગામના વતની એ ન . આ ર . આ ઈ . ભારૂલતાજી તેમની સિદ્ધી વિષે વાત કરતાં કહે છે કે, વિદેશમાં રહેવા છતાં ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી પરંપરાને ભૂલી નથી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સ્વચ્છ ભારત અભિયાન’, ‘બેટી બચાઓ અભિયાન’ થી ભારે પ્રભાવિત છું. દેશમાં પરિવર્તન લાવવા માટે કંઈક અનોખું કાર્ય કરવું જરૂરી હોય છે, સાહસિકતા અને મુશ્કેલ કાર ડ્રાઈવિંગ માટે દેશ-વિદેશમાં મેં ખૂબ નામના મેળવી છે. જેથી કાર ડ્રાઈવિંગ કરી આર્કટિક સર્કલ પૂર્ણ કરનાર પ્રથમ મહિલા બનવાનું સ્વપ્ન સેવ્યું હતું, જેને સાકાર કરવામાં હું સફળ રહી છું.

જિલ્લામાં વૃદ્ધ વોચમેન અને મહિલાએ જીવન ટૂંકાવી લીધું

સુરત

સુરત જિલ્લાના કામરેજ અને માંડવી તાલુકામાં વૃદ્ધ વોચમેન અને મહિલાએ આપઘાત કરી લીધો હતો.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના ખડસદ ગામે આવેલી ઓમ રેસિડેન્સીમાં રહેતા વોચમેન ૬૨ વર્ષિય ગંગદાસ ટપુભાઈ દુધાતે છેલ્લા એક માસથી શ્વાસની બીમારી હોય જેના કારણે ત્રાસી જઈ નાયલોનની દોરીથી ગળેફાંસો ખાઈ લીધો હતો. આપઘાતના બનાવ અંગે કામરેજ પોલીસ તપાસ કરે છે.

માંડવી તાલુકાના જામકુઈ ગામે આવેલા મંદિર ફળિયામાં રહેતી બંસતી રાજેશભાઈ વસાવા આર્થિક તંગીથી ત્રાસી બંસતીબેન રાજેશભાઈ વસાવાએ ગઈ તારીખ ૨૯મી જાન્યુઆરીના રોજ જહેરમાં શરીર પર કેરોસીન છાંટી અગ્નિ સ્નાન કરી લેતા સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયું હતું. આ બનાવમાં માંડવી પોલીસ તપાસ કરે છે.

તા.૨૩ અને ૨૪મીએ તા.૧-૧-૨૦૧૯ની લાયકાતની તારીખ મુજબ મતદારયાદીમાં નામ નોંધણી કરાશે

વલસાડ

ભારતના ચૂંટણી પંચ તરફથી મળેલી સૂચના અનુસાર તા.૧/૧/૨૦૧૯ની લાયકાતના તારીખના રોજ જે નાગરિક ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા મતદારોની નોંધણી ૨૩ અને ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન મતદારયાદીમાં નામ નોંધાવવા, નામ રદ કરાવવા, કોઈ નામની સામે વાંધો લેવા, નામ-સરનામામાં સુધારો, ઓળખકાર્ડમાં ખોટો ફોટો અથવા તાજેતરનો ફોટો જેવી વિગતો સુધારવા માટે સંબંધિત ફોર્મમાં અરજી કરી સંબંધિત વિસ્તાકરના મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મામલતદાર અથવા બુથ લેવલ ઓફિસરોને ઠરાવેલા નમૂનામાં આધાર પુરાવા સાથે અરજી કરી હક્કદાવાઓ રજૂ કરી શકાશે.

વધુમાં ખાસ ઝુંબેશ તરીકે તા.૨૩/૨/૧૯, તા.૨૪/૨/૧૯ ના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન બુથ લેવલ ઓફિસર તમામ મતદાન મથકો ઉપર હાજર રહી હક્કદાવાઓ સ્વીકારશે. આ ઉપરાંત મુખ્યુ નિર્વાચન અધિકારીની વેબસાઇટ www.ceo.gujarat.gov.in ઉપર ઓનલાઈન અરજી પણ કરી શકાશે.

ગુજરાત રાજ્યશની કોઈ પણ જગ્યારએથી ફૂટ્ટ્ણુ રુર્ટીણુફૂ આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી મોબાઈલ નંબર ૮૫૧૧૯૯૫૯૯ ઉપર એસ.એમ.એસ. મોકલવાથી પણ આપના નામની વિગત જાણી શકાશે. વધુ વિગત માટે ૧૯૫૦ નંબર ડાયલ કરી વિગત જાણી લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વલસાડ દ્વારા અનુરોધ કરાયો છે.

યોગીચોક ખાતેથી મુકબધિર યુવતી મળી

સુરત શહેરના યોગીચોક વિસ્તારમાંથી તા.૧૫/૨/૨૦૧૯ના રોજ અંદાજે ૧૮ વર્ષીય વયની અજાણી દિવ્યાંગ(મૂક-બધિર) યુવતિ મળી આવી છે. જે હાલ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, સાયણ રોડ, અમરોલી સંસ્થામાં છે. તેમના વાલી વારસો મળી આવ્યા નથી. વાલી વારસોને આધાર-પુરાવા સાથે સંસ્થાનો સંપર્ક કરવો. વધુ માહિતી માટે મો.નં. ના મો.૭૩૫૯૨ ૬૫૦૦૦ અથવા મો.૯૮૭૯૩૯૨૦૯૨ અથવા સરથાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

વ્યારામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરાઇ

આદિવાસી સમુદાયની ભાષા-બોલીઓ લુપ્ત થવી એ ખૂબ ચિંતાનો વિષયઃ રાજ્યપાલ

સુરત

તાપી જિલ્લાના વ્યારામાં વિશ્વ માતૃભાષા દિન અને આદિવાસી માતૃભાષા વર્ષ-૨૦૧૯ના કાર્યક્રમમાં ચૌધરી ભાષાના વ્યાકરણ ગ્રંથના વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યપાલ કોહલીએ ભાષા અને બોલીઓના માનવ સંસ્કૃતિના વિકાસમાં યોગદાન અંગે સમજ આપવાની સાથે સાથે લુપ્ત થતી ભાષા-બોલીઓ વિષે ચિંતા પ્રગટ કરી હતી. તેમણે દેશના હિતમાં આદિવાસી સમાજની આ ભાષા અને બોલીઓનું જતન અને સંવર્ધન થાય એ માટે નક્કર પગલા લેવામાં આવે એ જરૂરી છે એમ જણાવ્યું હતું.

રાજ્યપાલે આદિવાસી સમાજની ભાષાઓ અને બોલીઓ માત્ર ભારતમાં જ નહિં પણ સમગ્ર વિશ્વમાંથી લુપ્ત થતી જાય છે એના માટે સંયુકત રાષ્ટ્ર સંઘ પણ ચિંતિત છે માટે જ સંયુકત રાષ્ટ્ર સંઘે ૨૦૧૯ના વર્ષને વિશ્વ આદિવાસી ભાષા વર્ષ જાહેર કર્યું છે. લુપ્ત થતી આદિવાસીઓની ભાષા અને બોલીઓનું જતન અને સંવર્ધન થાય એ માટે સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે એમ જણાવી તેમણે ગુજરાત સરકાર દ્વારા આદિજાતિ સમુદાયની પોતાની આગવી પરંપરાઓ અને સાંસ્કૃતિક વિરાસતને જાળવી આદિજાતિ સમુદાયના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહી છે. આજે આદિવાસી સમુદાયના બાળકો જે રીતે સર્વાંગી વિકાસ સાધી રહ્યા છે એ અન્ય સમાજ માટે પ્રેરણારૂપ છે.

ગુજરાત પાકિસ્તાનમાં શાકભાજી અને ફળોનો નિકાસ નહીં કરે

પુલવામા હુમલોઃ ગુજરાતનાં વેપારીઓ પાકિસ્તાનમાં નહીં કરે શાકભાજી-ફળોની નિકાસ

અમદાવાદ

જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા પર થયેલા આતંકી હુમલાથી આખા દેશમાં રોષ ભરાયેલો છે. પુલવામા એટેકના કારણે પાકિસ્તાન પાસેથી મોસ્ટ ફેવર્ડ નેશન (MFN)નો દરજ્જો છીનવાયા બાદ પાકિસ્તાનને બીજો ફટકો એ પડ્યો કે ભારતે પાકિસ્તાન નિકાસ થનારા સામાન પર બેઝિક કસ્ટમ ડ્યૂટી ૨૦૦ ટકા સુધી વધારી દીધી. આ કાર્યવાહી બાદ હવે પાકિસ્તાને ભારત તરફથી આયાત થતી વસ્તુઓ પર વધુ ટેક્સ ચૂકવવો પડશે. જે પછી ગુજરાત શાકભાજી એક્ષપોર્ટ યુનિયનને નિર્ણય કર્યો છે કે ગુજરાત પાકિસ્તાનમાં શાકભાજી અને ફળોનો નિકાસ નહીં કરે. મહત્વનું છે કે વાઘા બોર્ડરથી રોજ ૨૦૦ ટ્રકોમાં શાકભાજીની પાકિસ્તાનમાં નિકાસ થાય છે. પાકિસ્તાનમાં ગુજરાતનાં ટામેટા અને મરચાની માંગ છે.

આ પહેલા મધ્ય પ્રદેશના ઝાંબુઆના ખેડૂતોએ પણ પોતાના ટામેટા પાકિસ્તાનને મોકલવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. સ્થિતિ એ છે કે હવે પાકિસ્તાનમાં ટામેટાની કિંમત લોકોને રડાવી રહી છે.

મહત્વનું છે કે પુલવામા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન નિકાસ થનારા સામાનની બેઝિક કસ્ટમ ડ્યૂટીને ૨૦૦ ટકા સુધી વધારી દીધી. જ્યારે દેશના અનેક ખેડૂતોએ ટામેટા પાકિસ્તાન નિકાસ કરવાની ના પાડી દીધી. જેના કારણે પાકિસ્તાનમાં સ્થિતિ એવી છે કે થોડા દિવસથી લાહોરમાં ટામેટા ૧૮૦થી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યાં છે. પાકિસ્તાનમાં ટામેટાનો ભાવ આસમાને જઈ રહ્યો છે. ટામેટાના વધતા ભાવોના કારણે ભારત-પાકિસ્તાનના સંબંધમાં ખટાસ છે.

જિલ્લાના ૧૪૭૨ પછાત બાળકોએ જનરલ શિષ્ટવૃત્તિ મેળવી

અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક યોજનાઓ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને વસવાટની યોજનાઓ અમલમાં છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અનુસૂચિત જાતિના લોકોનું જીવન ધોરણ ઉચુ આવે તે માટે રાજય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ તેમને લાભો આપવામાં આવે છે. સુરત જિલ્લા પંચાયતના સમાજ કલ્યાણ અધિકારીની કચેરી દ્વારા ગત વર્ષમાં જનરલ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૮ના અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને રૂા.૫૦૦ લેખે તથા ધો.૬ થી ૮ ની કન્યાઓને રૂા.૭૫૦ એમ મળી કુલ ૧૪૭૨ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો.

વાપીથી અમરાભાઈ ગુમ થયા છે

વલસાડ જિલ્લાના વાપી જી.આઇ.ડી.સી., ગુંજન, ગૌતમ સોસાયટીમાં રહેતા અમરાભાઇ બાઉભાઇ ચૌહાણ તા.૮/૨/૧૯ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યાની આસપાસ વાપી મેઇન બજારમાં પોગો કલેકશન ખાતેથી કોઇને કંઇ પણ કહ્યા વગર જતા રહ્યા છે. ગુમ થનારની ઉંમર ૨૨ વર્ષ, ઊંચાઇ ૫ ફૂટ, રંગે ઘઉંવર્ણ, વાળ કાળ, મધ્યમ બાંધો છે. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે.









દક્ષિણ ગુજરાતમાંથી શિયાળાની વિદાય સાથે ઉનાળાનો પ્રારંભ

સુરત

સમગ્ર દીક્ષણ ગુજરાતમાં રાત્રિના સમયે ન્યુનત્તમ તાપમાનનો પારો વધતા ઠંડીના ચમકારાથી રાહત મળી રહી છે. જયારે દિવસ દરમિયાન તાપમાન વધતા ઉનાળાની શરૂઆત થઈ હોય તેવો અનુભવ થઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૦.૩ ડિગ્રી નોંધાયું હવામાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી પશ્ચિમ દિશાથી દરિયાઈ ભેજવાળો પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અને અધિકત્તમ તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું છે ગતરોજ નવસારીમાં ન્યુનત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. નવસારીમાં ન્યુનત્તમ અને અધિકત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૪.૬ ડિગ્રી નોંધાયું છે. જે રાજ્યમાં સૌથી ઓછું છે. વલસાડ સિવાય રાજ્યના અન્ય જિલ્લાઓમાં ન્યુનત્તમ તાપમાન વધારે છે. ગતરોજ વલસાડમાં ૧૩.૬ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ દક્ષિણ ગુજરાતમાંથી શિયાળાની વિદાઈ થઈ છે અને ઉનાળાની ઋતુ શરૂ થઈ હોય તેવો અનુભવ થઈ રહ્યો છે.

રાંદેરમાંથી જુગાર રમતા ૬ ઝડપાયા

સુરત

રાંદેર પોલીસે ગઈકાલે પાલનપુર પાટિયા અપનાઘર સોસાયટીના મકાન નંબર ૨૪ના પહેલા માળે જુગાર રમતા ૬ લોકોને ઝડપી પાડયા હતા અને કુલ રૂા. ૧૭,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાંદેર પોલીસે ગઈકાલે બાતમી આધારે પાલનપુર પાટિયા ખાતે આવેલી અપના ઘર સોસાયટીમાં રેડ કરી હતી રેડ દરમિયાન પોલીસે આ સોસાયટીના ૨૪ નંબરના મકાનના પહેલાં માળે જુગાર રમતા આશિષ મહેન્દ્રભાઈ શાહ, સાગર રામચંદ્ર અગ્રવાલ, જયોતિન્દ્ર વનમાળી પારધીવાળા, જાવેદ અબ્દુલ મુનાફ શેખ તથા સાબિરખાન મોહંમદ ખાન પઠાણને ઝડપી પાડયા હતા.

ગર્ભપાત કરાવનાર પુત્રીની ખબર અંતર માટે ગયેલા પિયરીયાને માર પડ્યો

સુરત

લીંબાયત મીઠીખાડી કુબા મસ્જિદ સામે રહેતી એક પરિણીતાના સાસરામાં ખબર પૂછવા ગયેલા બે મહિલાઓ સહિત એક પુરૂષ પર ચપ્પુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના કાળા નાળા ગામ ખાતેના વતની અને હાલમાં માછલી પીઠ ચૌટાપુલ ખાતે રહેતા ગફ્ફાર ઈબ્રાહીમ કાસવાણીની પુત્રી અકસાનાના લગ્ન વસીમ જાકીર હુસૈન સાથે થયા હતા. લીંબાયત મીઠીખાડી રહેતા આ દંપતિ શરૂઆતમાં ખૂબ આનંદથી રહ્યા હતા. ત્યારબાદ પત્નીને બે માસનો ગર્ભ રહી ગયો હતો. જે સાસરીપક્ષની સહમતિથી પરિણીતાનો ગર્ભ પડાવી નાંખ્યો હતો. આ બાબતે ગફ્ફાર કાસવાણી, પત્ની રેહાના, મોહસીન તથા ગફ્ફારની બેન જરીના વગેરેઓ અકશાનાની ખબર પૂછવા તેની સાસરીમાં ગયા હતા. ત્યારે પતિ વસીમ જાકીર, જાકીર હુસૈન વલી મોહંમદ તથા નફીસા જાકીર હુસૈન વગેરેઓ તેઓ સાથે ઝઘડો કર્યો હતો અને વસીમ નામના આરોપીએ ચપ્પુ કાઢી ગફ્ફાર પર હુમલો કરી ફરાર થઈ ગયા હતા. લીંબાયત પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે સૈયદ મુસ્તાકઅલી ટી-૨૦ ટ્રોફી ક્રિકેટ મેચનો પ્રારંભ થયો હતો. જેની આ તસવીર છે.

નંદુરબારની ત્યકતા ઉપર લીંબાયતના ત્રણ યુવકોએ ગેંગરેપ કર્યો

સુરત

નંદરબારની ત્યકતા હિન્દુ મહિલા ઉપર લીંબાયત ત્રણ મુસ્લિમ યુવકોએ ગેંગ રેપ કરતા ચકચાર મચી ગઈ હતી. શરૂઆતમાં એક આરોપી યુવકે આ પીડિતા સાથે મિત્રાતા કેળવી કારમાં બળાત્કાર ગુજાર્યા બાદ બીજી વખત કારમાં ત્રણેય મિત્રોએ ગેંગરેપ કર્યો હતો. ભોગ બનનાર પીડિતાએ મહિધરપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નંદુરબારમાં રહેતી ૩૬ વર્ષિય ત્યકતા ૨૦૧૭માં પરિચિતની જાનમાં સુરત આવી હતી. જે સમયે આરોપી વસીમ કરીમ શેખ (રહે. લીંબાયત મીઠી ખાડી) સાથે મિરતા થઈ હતી અને મે-૨૦૧૮ના રોજ આરોપી વસીમ પીડિતાને દિલ્હીગેટ ગોલ્ડન પોઈન્ટની સામે રેલવે પાટા પાસે ટવેરા ગાડીમાં લઈ જઈ ફરિયાદીની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૧૮માં પીડિતા ફરીથી સુરત આવી, ત્યારે આરોપી વસીમ ફરિયાદીને ફોર્ચ્યુન કારમાં લઈ જઈ લોડ્ઢ પ્લાઝા હોટલ પાસેની ગલીમાં અંધારામાં અન્ય બે મિત્રો બાબુ ઉર્ફે આફતાબ, સૈયદ નૌશાદ સાથે મળીને બળજરીપૂર્વક ગેંગરેપ કર્યો હતો. આ પીડિતાએ મહિધરપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ ૩૭૬ (ડી), ૩૭૬ (૨) (એન.) ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) મુજબનો ગુનો નોંધી પો.ઈ. પી.એ. આર્યએ તપાસ હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને, પ્રતિષ્ઠિત વ્યાપારી
ESSAR 24 CARAT STEEL
BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ, એચ.આર.-સી.આર.-ગેલ્વેનાઇજ શીટ, પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર, બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે વિશ્વસનીય વ્યાપારી
શાહ એન્ડ કંપની
સેલ SAIL
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

રાજ્યપાલના પ્રવચનનો મુખ્યમંત્રી રૂપાણીએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો

અયોધ્યામાં રામમંદિર તો અમે જ બનાવીશું: રૂપાણી

નરેન્દ્ર મોદીએ નાતજાત ભાષા કોમની રાજનીતિથી બહાર આવી વિકાસની પરિભાષા અંકીત કરી,ગુજરાતીઓની માથાદીઠ આવકમાં ૯૫ની તુલનામાં ૧૩ ગણો વધારો

આપકે દિલ મેં કુછ લગતા હૈ ધુઆ ધુઆ સા લગતા હૈ...આપકી આંખો મેં કુછ ચુભતા હૈ... શાયદ કૂર્સી કા આપકા સપના સુલગતા હૈ: મુખ્યમંત્રી

ગાંધીનગર - વિધાનસભામાં રાજ્યપાલ ઓ.પી. કોહલીના પ્રવચનનો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેમાં તેમણે શાયરાના અંદાજમાં કોંગ્રેસને કહ્યું હતું કે, આપકે દિલ મેં કુછ લગતા હૈ ધુઆ ધુઆ સા લગતા હૈ...આપકી આંખો મેં કુછ ચુભતા હૈ... શાયદ કૂર્સી કા આપકા સપના સુલગતા હૈ.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ નાત-જાત, ભાષા-કોમની રાજનીતિમાંથી બહાર આવી વિકાસની પરિભાષા અંકિત કરી છે. યુપીએ સરકાર ના સમયમાં ગુજરાતને માત્ર ૬૩૩૪૬ કરોડ મળતા હતા. આજે ૧ લાખ ૫૮ હજાર કરોડથી પણ વધુની રકમ જનહિત કાર્યો માટે નરેન્દ્રભાઈએ આપી. વર્ષોથી અટવાયેલા કૃડ ઓઈલ રોયલ્ટીના પ્રશ્નનો અંત લાવીને ૧૦૦૩૬ કરોડ જેટલી માતબર રકમનો ગુજરાતને ફાયદો કરાવ્યો છે.

રૂપાણી જણાવ્યું હતું કે, ગુજરાતને એઈમ્સની ભેટ અને મુંબઈ અમદાવાદ જોડતી બુલેટ ટ્રેનનો ૧ લાખ કરોડ પ્રોજેક્ટ ભાજપની નરેન્દ્રભાઈ સરકારે આપ્યો. ૨૦૧૪માં નેશનલ હાઈવેની લંબાઈ ૪૦૪૫ કિમી હતી. તેમાં પાંચ જ વર્ષમાં ૯૦ ટકાનો વધારો કરી ૭૬૭૨ કિમી કરી. ૬૦ કિમી નવી રેલવે લાઈન, ૩૮૬ કિમી રેલવેની ડબલ લાઈન અને ૮૧૦ કિમીના રેલવે લાઈનનું ગેજ પરિવર્તન જેવી ભેટ ગુજરાતને વડાપ્રધાને આપી છે. સાગર માલા પ્રોજેક્ટમાં ગુજરાતને ૭૫૮૫૦ કરોડની યોજના અને અમદાવાદને મેટ્રો રેલ માટે ૪૦૭૭૩ કરોડ સહાય તેમજ ગુજરાતના ગૌરવ સમા સિંહોના સંવર્ધન માટે ૯૭ કરોડની રકમમાં ૬૦ ટકા ૫૮ કરોડ નરેન્દ્રભાઈએ ફાળવ્યા છે.

ડો.વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, બે દાયકા પહેલા ગુજરાતની માથાદીઠ આવક ૧૩૩૬૫ હતી આજે ૧ લાખ ૭૪ હજાર ૬૫૨ એટલે કે ૧૩ ગણો વધારો થયો છે. અર્થતંત્રમાં પ્રાયમરી સેક્ટરનું યોગદાન ૧૯૯૫/૯૬માં ૧૬૫૧૩ કરોડ હતું. તે બે દાયકાના અમારા શાસનમાં ૨ લાખ ૩૭ હજાર ૭૭૧ કરોડ એટલે કે ૧૪ ગણો વધારો થયો છે. સેકન્ડરી સેક્ટરની ભાગીદારી ૨૮૩૮૮ કરોડ થી વધીને ૧૮ ગણી વધુ ૫ લાખ ૧૨ હજાર ૪૪૯ થઈ છે. ટર્શરી સેક્ટરનો હિસ્સો ૨૬૯૯૫ કરોડથી ૧૫ ગણો વધીને ૪ લાખ ૧૬ હજાર ૯૩૨ થયો છે. અમારી રાજનીતિ વિકાસની છે એટલે જ ગુજરાત આજે નંબર વન છે. તેમણે વિધાનસભા ગૃહમાં કહ્યું હતું કે અયોધ્યામાં રામ અમારી કટિબદ્ધતા છે. રામ મંદિર તો અમે જ બનાવીશું.

એસટીના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ નહીં મળે: રૂપાણી

એસટી કર્મચારી હડતાળ પર છે ત્યારે સીએમ વિજય રૂપાણીએ કહ્યું છે કે ખોટના ખાડામાં કામ કરતી એસટી નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ નહીં મળે. સીએમના આ નિવેદનથી એસટી કર્મચારીઓનો રોષ બેવડાયો છે. સીએમે કહ્યું છે કે આ હડતાળથી લાખો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. જે નિગમ નુક્સાની કરે છે તેના કર્મચારીઓએ તંત્ર સાથે બેસી વચલો રસ્તો કાઢવો જોઈએ. નુક્સાન કરતાં નિગમના કર્મચારીના પગાર માટે તથા વિવિધ માગણીઓ માટે આંદોલનનો અધિકાર છે પણ લોકોને તેનાથી તકલીફ ના થવી જોઈએ.

એકપણ પ્રમાણપત્ર વિના પ્રેક્ટીસ કરતા હતા

વાપીમાં સપાટો: બે બોગસ ડોક્ટર ઝડપાયા

વાપી

વાપીમાં એસઓજીની ટીમ દ્વારા બે બોગસ ડોક્ટરને ઝડપી પાડવામાં આવ્યા હતા. વાપી ટાઉન પોલીસે બંને બોગસ તબીબ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. વાપીમાં અગાઉ પણ બોગસ તબીબને પોલીસે ઝડપી પાડ્યા હતા. અને જેલ હવાલે કર્યા હતા.

વાપીના મોટી સુલપડમાં શિવ મંદિર પાસે નિહાર રંજન નિખિલ વિશ્વાસને એસઓજીની ટીમે ઝડપી પાડ્યો હતો. કોઈ પણ જાતના પ્રમાણપત્ર વિના તબીબ સેવા આપતા આ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો. હુંગરાના સરકારી દવાખાનાના ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર ડો. સોનાલી પટેલની ફરિયાદને આધારે બોગસ તબીબ અંગે વાપી ટાઉન પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. બીજો બોગસ ડોક્ટર નાની સુલપડ નગરપાલિકાના શોપિંગ સેન્ટર સામે પ્રેક્ટીસ કરતો ઝડપાયો હતો. તેની પાસે પણ પ્રમાણપત્રો મળ્યા ન હતા. પોલીસને ટીમે વિરેન્દ્ર બલીરામ પટેલને પ્રમાણપત્રો વગર પ્રેકટીસ કરતા ઝડપી પાડ્યો હતો. આ બોગસ ડોક્ટર સામે પણ ડો. સોનાલી પટેલે ફરિયાદ નોંધાવી હતી. એસઓજીની ટીમે મેડિકલ ઓફિસરને સાથે રાખીને બોગસ ડોક્ટરને ઝડપી પાડવા ઝુંબેશ ચલાવી હતી.

રાજ્યના બેરોજગારોને નાયબ મુખ્યમંત્રીની સૂફિયાણી સલાહ

ભણે એટલે નોકરીના મળે,આવડત હોય અને મહેનત કરે પછી નોકરી મળે

ગાંધીનગર

રોજગારી મુદ્દે વિધાનસભામાં જવાબ આપતા ડેપ્યુટી સીએમ નીતિન પટેલે કહ્યું કે ભણે એટલે નોકરીના મળે પરંતુ આવડત હોય અને મેહનત કરે પછી નોકરી મળે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભણેલાને સરકારી નોકરી મળતી. ગુજરાતમાં દર વર્ષે સાડા ચાર લાખ વિદ્યાર્થીઓ પાસ થઈને કારકિર્દી બનાવે છે. એટલે ચાર લાખ વિદ્યાર્થીઓને તરત નોકરી ન મળે. ભણવું તે તેમના જીવનનો પાર્ટ છે તેમનો વિકાસ છે.

૨૨ વર્ષથી સત્તામાં રહેલી ભાજપની સરકાર બેરોજગારીના અજગર ભરડાને નાથવામાં નિષ્ફળ નિવડી છે. જે મુદ્દો વિપક્ષના હાથમાં આવી જતા તે પણ સત્તામાં રહેલી સરકારની ટીકા કરવામાં પરંતુ આવડત હોય અને મેહનત કરે પછી નોકરી મળે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભણેલાને સરકારી નોકરી મળતી. ગુજરાતમાં દર વર્ષે સાડા ચાર લાખ વિદ્યાર્થીઓ પાસ થઈને કારકિર્દી બનાવે છે. એટલે ચાર લાખ વિદ્યાર્થીઓને તરત નોકરી ન મળે. ભણવું તે તેમના જીવનનો પાર્ટ છે તેમનો વિકાસ છે.

રોજગારી મુદ્દે વિધાનસભામાં જવાબ આપતા ડેપ્યુટી સીએમ નીતિન પટેલે કહ્યું કે ભણે એટલે નોકરી ના મળે પરંતુ આવડત હોય અને મેહનત કરે પછી નોકરી મળે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભણેલાને સરકારી નોકરી મળતી. ગુજરાતમાં દર વર્ષે સાડા ચાર લાખ વિદ્યાર્થીઓ પાસ થઈને કારકિર્દી બનાવે છે. એટલે ચાર લાખ વિદ્યાર્થીઓને તરત નોકરી ન મળે. ભણવું તે તેમના જીવનનો પાર્ટ છે તેમનો વિકાસ છે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે રોજગારીની તકો અમાપ હતી, પણ ભાજપની સરકાર આવતા વાયબ્રન્ટના તાયફાઓ વધી ગયા અને રોજગારી ધીમે ધીમે ઘટવા લાગી. આજે પીએચડી કરનારા વિદ્યાર્થીને પણ સરકારી નોકરી મેળવવા માટે પટ્ટાવાળાનું ફોર્મ ભરવું પડે તે કોઈ નવાઈનો મુદ્દો નથી. ગુજરાતની ૬ કરોડ જનતામાંથી સૌથી વધુ યુવાવર્ગ છે. જેની સંખ્યા ૬૭ ટકાની આસપાસ છે. પરંતુ આ વિદ્યાર્થીઓને તેમનો હક્ક આપવામાં સરકાર નિષ્ફળ પૂરવાર થઈ છે તેમાં બેમત નથી.

સુરત સહિત ગુજરાતભરમાં એસટી બસની હડતાળને પગલે જનજીવનને વ્યાપક અસર

સુરત બસ સ્ટેન્ડ પાસે એસટી સંકલન સમિતિએ લોલીપોપ દેખાડી, ગરબા રમી દેખાવો યોજ્યા

સુરત

છેલ્લા કેટલાય વખતથી પડતર માંગણીના નિકાલ નહીં આવતા સુરત સહિત સમગ્ર ગુજરાતના એસટી બસ નિગમના કર્મચારીઓની હડતાળ આજે પણ અનિશ્ચિત મુદ્દત સુધી ચાલુ રહેશે. રાજ્યમાં ૮ હજાર એસટી બસો છે. ૪૫ હજાર કર્મચારીઓ છે. આજે મધ્યરાત્રિથી અમિશ્રીત મુદ્દત સુધી હડતાળ પર ઉતરી જતા રાજ્યના લાખ્ખો મુસાફરો અટવાઈ ગયા છે. જોકે સીએમ વિજય રૂપાણીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નફો કરતા નિગમના એકમોને સાતમા પગાર પંચનો લાભ મળશે. આ નિવેદનના પગલે એસટી કર્મચારીઓમાં રોષ ભભૂકી ઉઠયો છે અને સુરત બસ સ્ટેન્ડ પાસે એસટી સંકલન સમિતિએ લોલીપોપ દેખાડી, ગરબા રમી દેખાવો યોજયો હતો એવું સુરત એસટી કર્મચારી યુનિયનના અગ્રણી કૌશલ દેસાઈ તથા રશીદ શેખે જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ૭માં પગાર પંચ તેમજ એસટી કર્મચારીઓની વિવિધ માંગણીઓના સંદર્ભમાં સંકલન સમિતિ દ્વારા નિગમના વહીવટી વડા તેમજ વાહન વ્યવહાર મંત્રીઓ સાથે વારંવાર પરામર્શ કરી લેખિત રજૂઆતો કરવામાં આવી હતી. સંકલન સમિતિ દ્વારા જે પડતર પ્રશ્નો અંગે માંગણીઓ કરવામાં આવી છે. તે આ મુજબ છે. ૭માં પગાર પંચનો તાત્કાલિક અમલ કરી નિગમના કર્મચારીઓને તેનો લાભ આપવો. ફિક્સ પગારના કર્મચારીઓને સરકારના ધારાધોરણ મુજબના તમામ નાણાંકીય લાભાલાભો તેમજ અન્ય સવલતો આપવી. સને ૨૦૧૧ પહેલાના અંદાજીત ૧૦૦૦ જેટલા આશ્રિતો છે. જ્યારે નિગમમાં પટાવાળા, વોચમેનની ભરતી થતી નથી. ત્યારે આવા બાકી રહી ગયેલ આશ્રિતોને સત્વરે નિગમમાં નોકરી આપવી અથવા સરકારના ધારાધોરણ મુજબ આર્થિક પેકેજનો લાભ આપવો સહિતનીમાંગણી દોહરાવી હતી.

એરાઈઝ ટ્રેડીંગ કંપનીના માલિકોએ રૂા. ૨૩.૧૭ લાખની ઠગાઈ કરી

કંપનીમાં કામ કરનારાનો પગાર પણ ચૂકવ્યો નહીં

સુરત

એમ્બ્રોઈડરની જોબકામની મજૂરીના રૂા. ૧૮.૭૯ લાખ અને પગાર પેટે રૂા. ૪.૩૭ લાખ મળી કુલ્લે રૂપિયા ૨૩.૧૭ લાખની ઠગાઈ કરનારા એરાઈઝ ટ્રેડીંગ કંપનીના માલિકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા યોગીચોક સાયન પ્લાઝામાં રહેતા પરેશ જયરાજ ભાલાળાએ આરોપી એરાઈઝ ટ્રેડીંગ કમંપનીના હર્ષવર્દન, રમેશ કુંભાણી, સુરેશ જયંતિ રાઠોડ, મોહન લાલજી, છોગલાલજી પુરોહિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ખોટા દસ્તાવેજો ઊભા કરી કંપનીની સ્થાપના કરી વેપારીઓ પાસે રૂપિયા ૧૮.૭૯,૮૦૬નું જોબવર્ક કરાવી ફરિયાદીનો સવા વર્ષનો પગાર રૂા. ૪,૩૭,૦૫૦ નહીં ચૂકવી વિશ્વાસઘાત - છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી હતી.

મુથૂટ ફાયનાન્સ સાથે રૂા. ૫૭.૯૫ લાખની ઠગાઈ

સુરત

મુથૂટ હોમફિન ઈન્ડિયા લિમિટેડ ફાયનાન્સ કંપની સાથે રૂા. ૫૭.૯૫ લાખની ઠગાઈ થઈ. સરથાણા પીરવારે હોમલોન લઈ લોન નહીં ચૂકવતા છ જણાં વિરદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

અડાજણ રાજપેલેસ સોસાયટીમાં રહેતા દેવાંગ ભરતગીરી ગોંસાઈએ આરોપી ભાવેશ અનિલભાઈ વાનાણી, અનિલ જયંતિ વાનાણી, (રહે. મેઘ મલ્હાર એપાર્ટમેન્ટ, સરથાણા) મિત્તલબેન નિકુંજ રાણપરિયા, નિકુંજ રાણપરિયા, નિકુંજ મનસુખ, ચિરાગ હરસુખ, ટેકનીકલ મેનેજર સુશીલ કાંબલે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પ્લોટ ઉપર બાંધકામ કર્યા વિના મુથૂટ ફાયનાન્સ કંપનીમાંથી લોન મેળવી રૂા. ૫૭,૯૫,૭૫૨ ભરપાઈ નહીં કરી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.







સોમનાથ થી નીકળેલી રથયાત્રાનું રાજપીપળા ખાતે ભવ્ય સ્વાગત

સમગ્ર ગુજરાતમાં ઉજવણી થાય તે માટે ગુજરાતના ૩૩ જિલ્લાઓને સાંકળીને સોમનાથ સિવાયના અન્ય ૧૧ જ્યોતિર્લિંગના રથ અને ઝાંખી ૩-૩ જિલ્લામાં શ્રદ્ધાળુઓની જાગૃતિ અને દશનાર્થે ફરશે



રાજપીપળા : સોમનાથ થી નીકળેલી રથયાત્રાનું રાજપીપળા હરસિદ્ધિ મંદિર ખાતે નર્મદા જિલ્લા વિશ્વ હિન્દૂ પરિષદના કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું ત્યારબાદ આ યાત્રા રાજપીપળા શહેરના મુખ્ય માર્ગ, સફેદ ટાવર ,લાલ ટાવર થઈ દરબાર રોડ સ્તિથ ગણેશ મંદિર ખાતે પોહચી ત્યાં તેની પૂજા બાદ આગળ જવા રવાના થઈ હતી.

ભારતના શિવ આસ્થાના કેન્દ્ર સમાન ૧૨ જ્યોર્તિલિંગ શિવાલયોના ટ્રસ્ટીઓ, પૂજારીઓ, તીર્યપુરોહિતો અને વિકાસ કાર્યો સાથે સંકળાયેલા શ્રધ્ધાળુઓ અને દાતાઓનો સમારોહ ગત વર્ષે ઉજ્જૈન મહાકાલેશ્વરમાં યોજવામાં આવ્યો હતો. આ વર્ષે દ્વાદશ જ્યોર્તિલિંગનો સમારોહ તા.૨૩-૨૪-૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯ ત્રિદિવસીય મહોત્સવ તરીકે શ્રી સોમનાથ પ્રભાસ પાટણ ખાતે યોજવામાં આવશે.આ દિવ્ય પ્રસંગની ભવ્ય રીતે સમગ્ર ગુજરાતમાં ઉજવણી થાય તે માટે ગુજરાતના ૩૩ જિલ્લાઓને સાંકળીને સોમનાય સિવાયના અન્ય ૧૧ જ્યોતિર્લિંગના રથ અને ઝાંખી ૩-૩ જિલ્લામાં શ્રદ્ધાળુઓની જાગૃતિ અને દશનાર્થે તા.૧૦ થી ૨૧ ફેબ્રુઆરીના દિવસોમાં પરિભ્રમણ કરશે.તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ ૧૧ રથ અલગ-અલગ જગ્યાએથી સોમનાથ પહોંચશે અને તા.૨૩મી ફેબ્રુઆરીના રોજ એક ભવ્ય શોભાયાત્રા પ્રભાસ પાટણમાં યોજાશે. શ્રી સોમનાથ ટ્રસ્?ટ અને ગુજરાત વિશ્વ હિન્દુ પરિષદ આ રથયાત્રાઓના કાર્યક્રમની સફળતા માટે સંયુક્ત રીતે કામ કરશે.

નર્મદામાં રક્તદાન ફોબિયા દુર કરવા તંત્રનો નવો અભિગમ...

જીલ્લામાં રકતદાન સંકલ્પ અભિયાનનો પ્રારંભ



રાજપીપળા લાઈબ્રેરી સ્તિથ નાંદોદ સરકારી આર્યુવેદ દવાખાના ખાતે ડૉ.પરેશ જેઠવા એ પણ લોકો પાસે સંકલ્પપત્રો ભરાવ્યા

પ્રસૂતિ સમયે તથા માતા મૃત્યુદરને અટકાવવા,અકસ્માત-કુદરતી આફત, શસ્ત્રક્રિયા, કેન્સર, થેલેસેમીયા, હિમોફીસીયા, સિકલસેલ વગેરે જેવા કિસ્સામાં લોહીની જરૂરિયાતને પહોંચી વળવા રકતદાન વિશે લોકજાગૃત્તિ જરૂરી શહેરી વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર, જાહેર સ્થળો, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના સ્થળો પર નર્મદા જિલ્લાના સ્થાનિકો પાસે સંકલ્પ પત્રો ભરાવવાની શરૂઆત

રાજપીપળા : નર્મદા જિલ્લામાં રકતદાન વિશે લોકજાગૃત્તિ કેળવવાની સાથો સાથ રક્તદાતાઓની માહિતી એકત્ર કરીને તેના દ્વારા જિલ્લામાં એક ડેટાબેઝ તૈયાર કરવા અને તેના થકી નર્મદા જિલ્લામાં લોહીની જરૂરિયાતવાળા દર્દીઓને સરળતાથી જે તે ગૃપ મુજબનો લોહીનો જથ્થો ઉપલબ્ધ થઈ શકે તે માટે આજથી રાજપીપળા શહેરી વિસ્તાર સહિત નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રક્તદાન સંકલ્પ અભિયાનનું જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમની પ્રેરક રાહબરી અને માર્ગદર્શન હેઠળ શરુઆત કરવામા આવી છે.

નર્મદા જિલ્લાની કુલ-૬,૧૫,૪૧૨ ની વસ્તી પૈકી અંદાજે ૨,૪૬,૧૬૪ જેટલા નાગરિકોને આ રક્તદાન સંકલ્પ અભિયાન હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક છે. આરોગ્ય ખાતાના ડોક્ટર્સ સહિતની જુદી જુદી ટીમો આ સંદર્ભે જિલ્લાના વિવિધ ભાગોમા ફરી રક્તદાન વિશે લોક જાગૃતિ ફેલાવી લોકો પાસે સંકલ્પ પત્રો ભરવામાં આવી રહ્યા છે આ તમામને રક્તદાન કરવાના સંકલ્પ સાથે તે અંગેના શપથ પણ લેવડાવામા આવશે.

જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમે જણાવ્યું હતું કે કેન્દ્રિય નીતિ આયોગ દ્વારા મહાત્વાકાંક્ષી જિલ્લા તરીકે નર્મદા જિલ્લાની ઘોષણા કરાઇ છે.નીતિ આયોગનાં નિર્ધારિત પેરામીટર મુજબ જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓ ક્ષેત્રે જરૂરી પૂર્તતા સાથે જિલ્લો આ દીશામાં અગ્રેસર રહે તે માટે પ્રસૂતિ સમયે તથા માતા મૃત્યુદરને અટકાવવા, અકસ્માત-કુદરતી આફત, શસ્ત્રક્રિયા, કેન્સર, થેલેસેમીયા, હિમોફીસીયા, સિકલસેલ વગેરે જેવા કિસ્સામાં લોહીની જરૂરિયાતને પહોંચી વળવા તથા દરદીઓને લાંબુ આયુષ્ય મળે તેવા આશયથી લોકોમાં રક્તદાન વિશેની લોક જાગૃત્તિ વધુ કેળવાય અને રક્તદાન કરવાનો આ વિસ્તારની પ્રજામાં જણાતો છુપો ભય દુર થાય અને રક્તદાન કરવાથી રક્તદાતાની સાથે લોકોને થતાં ફાયદા વિશે સાચી સમજ કેળવાય અને જુદા જુદા બ્લડ ગૃપ મુજબ રક્તનો જથ્થો ઉપલબ્ધ બને તેવો આશય આ અભિયાનનો રહેલો હોવાનું તેમણે ઉમેર્યું હતું.



મુંબઈ બીકેસી સ્તિથ એમસીએ? ક્લબમાં એમ આઈ પટેલને ઈન્ડિયન બેઝબોલ પ્રીમિયમ લીગ તરફથી ભાઈ જગતાપજીનું સ્વાગત કરવામાં આવ્યું જેમાં ડૉ.અસ્મા બેગમ (આસામ) અને અર્જુન પુરસ્કાર વિજેતા શ્રીમતી મોનાલીસા મેહતા અને શરીફખાન ,નિઝામુદીન રાયન,મોહિયુદીન મુસ્તફા,એમ આર શાહ અને અન્ય મહાનુભવો જોવા મળ્યા હતા .

તેઓ ભૂલી ગયા કે આજે હિન્દી દિવસ નહીં માતૃભાષા દિવસ છે

જીતુ વાઘાણીએ વિશ્વ માતૃભાષા દિવસ પર છબરડો માર્યોઃ ટ્વિટ કરી ફસાયા

ગાંધીનગર

આજે વિશ્વ માતૃભાષા દિવસ છે. એટલે કે તમામ લોકો પોતાની માતૃભાષા પરનો પ્રેમ જતાવશે, પણ આ પ્રેમ જતાવવામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીથી મોટી ચૂક થઈ ગઈ છે. જીતુભાઈ વાઘાણીએ વિશ્વ માતૃભાષા દિવસ પર જે પોસ્ટ મુકી છે તે પોસ્ટ હિન્દીમાં છે. હકિકતે એ પોસ્ટ ગુજરાતીમાં હોવી જોઈતી હતી. કારણ કે આજે વિશ્વ હિન્દી દિવસ નહીં વિશ્વ માતૃભાષા દિવસ છે. અને આ દિવસે જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ મોટો છબરડો કરી બેઠા છે. તેમણે પોતાની ટ્વીટર પોસ્ટમાં હિન્દીમાં લખ્યું છે કે, આજે વિશ્વ માતૃભાષા દિવસ પર પ્રદેશવાસિયોને અનુરોધ કરૂ છું કે, માતૃભાષા પ્રતિ નિષ્ઠા બનાવી રાખવાનો સંકલ્પ કરે. અને જીવનભર વ્યક્તિગત જીવનમાં પણ માતૃભાષાનો વધારેમાં વધારે ઉપયોગ કરી સમાજના વિકાસમાં સંકલ્પ લેપ. જીતુભાઈ વાઘાણીએ માતૃભાષાનો વ્યક્તિગત જીવનમાં ઉપયોગ કરવાનું કહ્યું પણ તેઓ એ ભૂલી ગયા કે આજે હિન્દી દિવસ નહીં માતૃભાષા દિવસ છે. ત્યારે ગુજરાતીઓ હવે શું ઘરમાં હિન્દી બોલવાનો સંકલ્પ કરે ? જેથી તેમણે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીમાં ટ્વીટર પર છબરડો વાળી દીધો છે.

માતાજીના માંડવા બાબતે અલથાણમાં જૂથ અથડામણ

સુરત

વતનમાં માતાજીના માંડવા વખતે થયેલા ઝઘડાની અદાવતમાં અલથાણમાં ઘાતક શસ્ત્રો ઊછળ્યાં હતા. ખટોદરા પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અલથાણ શ્રી રામ માર્બલ ગલીમાં રહેતા સોંડાભાઈ ઝાલાભાઈ ભરવાડ, આરોપી લાખા દેવા ભરવાડ, રાજુ બાબુ, લાલભાઈ કનુ, શૈલેષ હપુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે લાખા દેવા ભરવાડે આરોપી સોંડાભાઈ ઝાલા, વિભાગભાઈ હરિભાઈ, ખેંગાર ભીમા, તેજસ કાના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બન્નેની ફરિયાદમાં જણાવ્યા મુજબ વતનમાં માતાજીનો માંડવો નાંખવા બાબતે બન્ને પક્ષ વચ્ચે ઝઘડો થયો હતો. જેની અદાવતમાં બન્ને પક્ષ વચ્ચે ઘાતક શસ્ત્રો ઊછળ્યાં હતા. આ મારામારી પાંચેક જણાને ઈજા થઈ હતી. ખટોદરા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

૧૦ હજાર શિક્ષકો વિધાનસભા ઘેરાવ કરવા ગાંધીનગર પહોંચશે

આજે પ્રાથમિક શિક્ષકો માસ સીઅલ પર ઉતરી વિધાનસભા ઘેરાવ કરશે

ગાંધીનગર

૧૯૯૭થી સળંગ સિનિયોરિટી બાબતે પ્રાથમિક શિક્ષકોની માગણીનો હજુ સુધી સરકાર દ્વારા યોગ્ય ઉકેલ આવ્યો નથી. સિનિયોરિટી બાબતે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા કક્ષાએ ધરણાં યોજયા બાદ બે દિવસ ગાંધીનગર ખાતે ધરણાંનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ પછી પણ સરકાર દ્વારા નક્કર કાર્યવાહી ન કરાતા હવે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ૨૨ ફેબ્રુઆરીના રોજ જલદ કાર્યક્રમ આપવાનું નક્કી કર્યુ છે. ૨૨ ફેબ્રુઆરીના રોજ રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકો માસ સીએલ પર જશે અને ત્યાર બાદ ગાંધીનગર ખાતે વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ કરશે.

સિનિયોરિટી બાબતે જિલ્લા કક્ષાએ ધારાસભ્યો અને સાંસદોને આવેદનપત્ર આપી ૧૧ ફેબ્રુઆરીના રોજ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યાર બાદ રાજ્ય કક્ષાએ ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિક્ષકો દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષકો સમૂદાયની અવગણના કરવામાં આવી રહી હોવાનું પ્રતીત થઈ રહ્યું છે.

સમગ્ર રાજ્યમાં શિક્ષકોને ભારે અન્યાય થઈ રહ્યો હોવાથી બે દિવસ માટે ગાંધીનગરમાં કાર્યક્રમ આપવામાં આવ્યો હતો, જેમાં હાજર ૩૩ જિલ્લાના શિક્ષકો તથા હોદેદારોએ પ્રાથમિક શિક્ષક સંઘને વધુ જલદ કાર્યક્રમ આપવા માટે આહવાન કર્યુ હતું. જેના પગલે હવે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સરકાર માટેની લડત વધુ ઉગ્ર બનાવી છે અને તેના ભાગરૂપે ૨૨ ફેબ્રુઆરીના રોજ સમગ્ર રાજ્યના પ્રાથમિક શિક્ષકો માસ સીએલ ઉપર જશે. રાજ્યના સૌથી મોટા શૈક્ષણિક સંગઠન દ્વારા શિક્ષકોને માસ સીએલ પર જવાની સૂચના આપતા સરકારમાં હલચલ મચી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં
આપનું રજીસ્ટ્રેશન કરાવો અને
૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
● જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
● એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
● જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
● એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
● સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
● હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
● જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચાદસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ દુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

રાજપીપળા સહીત સમગ્ર રાજ્યમાં એસટીના કર્મચારીઓ માસ સી.એલ.થી મુસાફરો અટવાયા

રાજપીપળા એસટી ડેપોના ૫૭ જેવા તમામ રૂટ બંધ થતા અપ ડાઉન કરતા કે અભ્યાસ કરતા તમામ મુસાફરો અટવાયા જેમાં ખાનગી વાહન ચાલકો કમાયા સાતમુ પગાર પંચના અને અન્ય પડતર પ્રશ્નોનો મુદે સરકારના ઉદાસીન વલણથી કંટાળેલા કર્મચારીઓ સીએલ પર ઉતર્યા



રાજપીપળા : રાજપીપળા સહીત સમગ્ર રાજ્યમાં આજે સવારથી એસટી બસોના પૈડાં થંભી જતા લખો મુસાફરો અટવાઈ પડ્યા હતા જેના કારણે ખાનગી વાહનોને સારી એવી રોકડી થઈ હતી

ગુજરાત એસટી નિગમના કર્મચારીઓના સાતમાં પગાર પંચના અમલીકરણ સહિતના પડતર પ્રશ્નોના નિરાકરણ મુદે સરકારના ઉદાસીન વલણથી કંટાળેલા રાજ્યભરના કર્મચારીઓ એક જુથ થઈ કર્મચારીઓની એસ. ટી સંકલન સમિતિના નેતૃવમાં તમામ કર્મચારીઓ બુધવારે મધરાતથી એક દિવસની માસ સી. એલ પર જતા જ્યભરની બસના પૈડા થંભી ગયા હતા જેમાં રાજપીપળા સહીત સમગ્ર નર્મદા જિલ્લામાં અને બહાર જતી આવતી બસો બંધ થઈ જેમાં રાજપીપળા એસટી ડેપોના ૫૭ રૂટો સદંતર અટકી પડતા મુસાફરો અટવાયા હતા તેમાં અપડાઉન કરતા વિધાર્થીઓ અને નોકરિયાતોની હાલત કફોડી થઈ હતી.

રાજય સરકાર દ્વારા એસટી નિગમના કર્મચારીઓના સાતમાં પગાર પંચનો અમલ સહિત પડતર પ્રશ્નો તેમજ ખાનગી બસ સર્વિસના કારણે નિગમને થઈ રહેલા મોટા આર્થિક નુકશાનથી નિગમને બચાવવા એસટી સંકલન સમિતિના નેજા હેઠળ વારંવાર સરકારને રજુઆત કરવામાં આવી છે.પરંતુ પગાર પંચના અમલ અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે માત્ર ને માત્ર વાયદા કરવામાં આવી રહ્યા હોવાથી કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો જેથી પડતર પ્રશ્નોના નિરાકારણ માટે સરકારના ઉદાસીન વલણને સંકલન સમિતિના નેજા હેઠળ વિભાગીય કચેરી સહિત રાજ્યભરમાં એસ. ટી કર્મચારીઓ દ્વારા છેલ્લા બે દિવસથી ધરણા પ્રદર્શન અને સુત્રોચાર કરવામાં આવી રહ્યા હતા ત્યારબાદ ૨૦ ફેબ્રુઆરીની મધરાતથી રાજપીપળા સહિત રાજ્યભરના એસટી કર્મચારીઓ એક દિવસની માસ સી. એલ પર ઉતર્યા છે. જેને પગલે રાજપીપળા એસટી ડેપોના ૫૭ રૂટોની બસના અને રાજ્યભરની હજારો બસોના પૈડા થંભી ગયા હતા.

ખટોદરામાં થયેલા લૂંટ અને મર્ડરના બે ગુનાના ભેદ ઉકેલાયા,બે આરોપી ઝડપાયા

સુરત,

ખટોદારા પોલીસ સ્ટેશનની હદમાં ગત છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ ઉધના મગદલ્લા રોડ સોમા કાનજી એસ્ટેટમાં જવાના રોડ પર એક અજાણ્યા ઈસમની છાતીના ભાગે ચપ્પુના ઘા મારી હત્યા નીપજાવવામાં આવી હતી. આ બાબતે પોલીસે તપાસ શરૂ કરી હતી ત્યારે બાતમીના આધારે તથા સીસીટીવી ફૂટેજના આધારે ત્રણ શંકાસ્પદ ઈસમોની હિલચાલ ઝડપાઈ હતી. સાથે જ અન્ય એક ગુનામાંપાંડેસરા આશાપુરી સોસાયટીમાં રહેતા સીમાંચલ ઉર્ફે સીમા અને મુન્ના ઉર્ફે કાલીયા તેમજ સુબલા પરીઢા નામના ત્રણ ઈસમોને મોટર સાયકલ લઈને લૂંટ કરવા નીકળેલા અને બનાવના દિવસે ઓડિશા જતાં રહ્યાં હતાં. પોલીસે આ બન્ને ગુનામાં બે આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ટીમ બનાવીને ઓડિશાના ગંજામ જિલ્લાના કનૈયાપુર ગામેથી સીમાંચલ ઉર્ફે સીમા મહેન્દ્ર મારકંડ નાહક (ઉ.વ.આ.૨૨) આશાપુરી સોસાયટી સુરતમાં રહે અમરત રબારીના મકાનમાં પાંડેસરા અને મુન્ના ઉર્ફે કાલીયા નબીના ઉત્સવ પરીઢા (ઉ.વ.આ.૨૨) આશાપુરી સોસાટી પાંડેસાર મૂળ રહે ઓડિશાને ઝડપી લીધા હતાં. તેમની પુછપરછમાં ગુનો કબુલી લીધો હતો. સાથે જ મોબાઈલ ફોન અને લૂંટ કરી હોવાનું પણ જણાવ્યું હતું.

અંકલેશ્વરથી મહારાષ્ટ્ર જઈ રહેલા સેન્ટરો કાર ડેડીયાપાડા નજીક ઝાડ સાથે અથડાઈ:૪ ના મોત, ૨ ઘાયલ



મહારાષ્ટ્રથી મજૂરોના મકડદમ મિત્રો સાથે અંકલેશ્વર પોતાના મજૂરોને જોવા જઈ રહ્યો હતો,ત્યાંથી પરત ફરતી વેળાએ ડેડીયાપાડા નજીક થયેલા અકસ્માતમાં ૪ના મોત

રાજપીપળા:મહારાષ્ટ્ર નંદુરબારથી મજૂરોના મકડદમ પોતાના મિત્રો સાથે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સજોદ ગામ પાસેના માગટેડ ગામે ગયા હતા.મજૂરોને જોઈ તેઓ પરત મહારાષ્ટ્રના નંદુરબાર જઈ રહ્યા ત્યારે એમની કાર ડેડીયાપાડા ગામે એક ઝાડ સાથે અથડાતા એ કારમાં સવાર ૪ વ્યક્તિઓના ઘટનાસ્થળ મોત નિપજ્યા હતા,જ્યારે કાર ચાલક સહિત ૨ લોકોને ગંભીર ઈજાઓ થતા એમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

મહારાષ્ટ્ર નંદુરબારના આષ્ટા ગામના રહેતા મજૂરોના મકડદમ રવિન ચમાડિયા સોનવણે પોતાના જ ગામના ત્રણ મિત્રો સાથે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સજોદ ગામ નજીકના માગટેડ ગામેથી શેરડી કાપતા પોતાના મજૂરોને સેન્ટરો કાર નંબર સ્ઝ્ઉ ૪૩ ઈ ૧૩૪ માં જોઈ પરત નંદુરબાર જઈ રહ્યા હતા.દરમિયાન તેઓ અંકલેશ્વર થઈ વાલિયા ગામે આવ્યા ત્યારે રસ્તામાં એક વ્યારાની મહિલાએ એમની ડેડીયાપાડા સુધીની લિફ્ટ માંગી હતી.એ મહિલાને કારની આગળની સીટ પર બેસાડી કાર ડેડીયાપાડા તરફ રવાના થઈ હતી.ત્યારે કાર ચાલકની લાપરવાહીને લીધે ડેડીયાપાડા પાસેના નેત્રંગ રોડ પર નિવાલદા ગામની સીમ પાસે એમની કાર ઝાડ સાથે અથડાઈ હતી.આ અકસ્માતમાં આગળ બેસેલી મહિલા સહિત ૪ લોકોનું ગંભીર ઈજાઓને લીધે ઘટનાસ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું.આ અકસ્માતની જાણ થતાં સ્થનિકોએ ભેગા થઈ ૨ ઘાયલોને ૧૦૮ દ્વારા નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા.ડેડીયાપાડા પોલીસે આ મામલે ૪ વ્યક્તિઓના મૃતદેહને કાયદેસરની કાર્યવાહી કરી પીએમ માટે મોકલી આપી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકોની યાદી -(૧)જીવન તુકારામ વળવી (૨)પિન્ટુ ગંગારામ વળવી (૩)રોહિદાસ પુનિયા ઠાકરે આ તમામ રહે.મહારાષ્ટ્ર નંદુરબાર આષ્ટા ગામ (૪)પ્રીતિ રવિકિરણ રાઠોડ(રહે.મહાવીર કોમ્પ્લેક્સ, વ્યારા..જી.તાપી.

ઘાયલોની યાદી (૧)છોટુ દતુ ઠાકરે (૨)રવિન ચમાડિયા સોનવણે તમામ રહે.મહારાષ્ટ્ર. નંદુરબાર









